Test Booklet Code પરીક્ષા પુસ્તિકાનો કોડ	IAD	This Booklet contains 32+48 pages. આ પુસ્તિકામાં 32+48 પાનાં છે.

GUJARATI

G6

Test Booklet No. / પરીક્ષા પુસ્તિકા નં. 5176588

Do not open this Test Booklet until you are asked to do so.
જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.

Read carefully the Instructions on the Back Cover of this Test Booklet.
આ પરીક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.

Important Instructions :

1. The Answer Sheet is inside this Test Booklet. When you are directed to open the Test Booklet, take out the Answer Sheet and fill in the particulars on ORIGINAL Copy carefully with **blue/black** ball point pen only.
2. The test is of **3 hours 20 minutes** duration and the Test Booklet contains **200** multiple-choice questions (four options with a single correct answer) from **Physics, Chemistry and Biology (Botany and Zoology)**. **50** questions in each subject are divided into **two Sections (A and B)** as per details given below :
   (a) Section A shall consist of **35 (Thirty-five)** Questions in each subject (Question Nos – 1 to 35, 51 to 85, 101 to 135 and 151 to 185). All questions are compulsory.
   (b) Section B shall consist of **15 (Fifteen)** questions in each subject (Question Nos – 36 to 50, 86 to 100, 136 to 150 and 186 to 200). In Section B, a candidate needs to **attempt any 10 (Ten)** questions out of 15 **(Fifteen)** in each subject.
   Candidates are advised to read all 15 questions in each subject of Section B before they start attempting the question paper. In the event of a candidate attempting more than ten questions, **the first ten questions answered by the candidate shall be evaluated.**
3. Each question carries 4 marks. For each correct response, the candidate will get 4 marks. For each incorrect response, **one** mark will be deducted from the total scores. **The maximum marks are 720.**
4. Use **Blue/Black Ball Point Pen only** for writing particulars on this page/marking responses on Answer Sheet.
5. Rough work is to be done in the space provided for this purpose in the Test Booklet only.

અગત્યની સૂચનાઓ :

1. આ પરીક્ષા પુસ્તિકાની અંદર ઉત્તરવહી છે. જ્યારે આપને પરીક્ષા પુસ્તિકા ખોલવાનું કહેવામાં આવે, ત્યારે ઉત્તરવહી ખોલીને મૂળ નકલ પરની વિગતો ફક્ત વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનથી સાવધાનીની સાથે ભરો.
2. પરીક્ષા **3** કલાક **20** મિનિટની છે અને પરીક્ષા પુસ્તિકામાં **ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન (વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર)** માંથી **200** બહુવિકલ્પ પ્રશ્નો (એકજ સાચા જવાબ સાથે ચાર વિકલ્પો)છે. દરેક વિષયમાં **50** પ્રશ્નો નીચે આપેલ વિગતો મુજબ બે વિભાગ **(A અને B)** માં વહેંચાયેલા છે :
   (a) વિભાગ **A** માં દરેક વિષયમાં (પ્રશ્ન નંબર – 1 થી 35, 51 થી 85, 101 થી 135 અને 151 થી 185) માં **35 (પાત્રીસ)** પ્રશ્નો હશે. બધા પ્રશ્નો ફરજિયાત છે.
   (b) વિભાગ **B** માં દરેક વિષયમાં **15 (પંદર)** પ્રશ્નો હશે (પ્રશ્ન નંબર – 36 થી 50, 86 થી 100, 136 થી 150 અને 186 થી 200). વિભાગ B માં, પરીક્ષાર્થીને દરેક વિષયમાં **15 (પંદર)** માંથી **10 (દસ)** પ્રશ્નો અજમાવવાની જરૂર છે.
   ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પ્રશ્નનોના ઉત્તર આપવાનું પ્રયાસ શરૂ કરતા પહેલા વિભાગ B ના દરેક વિષયના તમામ 15 પ્રશ્નો વાંચે. જો પરીક્ષાર્થી દસથી વધુ પ્રશ્નોના જવાબ આપશે તો, ઉમેદવાર દ્વારા જવાબ આપેલા **પ્રથમ દસ પ્રશ્નોનું મૂલ્યાંકન કરવામાં આવશે.**
3. પ્રત્યેક પ્રશ્ન 4 માર્કનો છે. પ્રત્યેક સાચા જવાબ માટે પરીક્ષાર્થીને 4 માર્ક આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ માટે કુલ માર્કમાંથી 1 માર્ક ઓછો કરવામાં આવશે. **મહત્તમ માર્ક 720 છે.**
4. આ પાનાં પર લખાણ લખતી વખતે કે નિશાની કરતી વખતે ફક્ત વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનનો પ્રયોગ કરો.
5. રફ કાર્ય હેતું આ પરીક્ષા પુસ્તિકામાં આપેલ નિર્ધારિત સ્થાનમાંજ કરો.

In case of any ambiguity in translation of any question. English version shall be treated as final.
પ્રશ્નોનાં અનુવાદમાં કોઈ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.

BEYOND LIMITS NEET ACADEMY

Branch: Simada(Sarthana) | Aai mata Road | 63 5656 2626 | 63 5656 9626

English Medium | ગુજરાતી માધ્યમ | વ્યાજબી ફી ધોરણ

NEET CRASH COURSE

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

Beyond Limits NEET Academy
સમગ્ર સુરતમાં નંબર 1 RE-NEET CENTRE
Surat
NEET 2024 RESULT
600+ : 33 STUDENTS
Congratulations
Limbani Tisha
678
Vaghasiya Drashti
677
Hirpara Sneha
677
Akoliya Vidhi
670
Hadiya Krishna
656
Modekar Prem
651
Vaghasiya Jeel
647
Chavda Hasti
645
Rajani Armi
645
Kanjhariya Harsh
642
Vadodariya Mahek
641
Nasit Aarav
640
Katariya Vivek
638
Sisara Rahul
636
Padsala Jay
623
Paradva Anjali
620
Jinjala Nirmal
620
Ajudiya Shrushti
620
Sisara Payal
619
Kavad Mahipal
616
Ladumor Hetal
615
Kalsariya Jalpesh
611
Baldaniya Bhagirath
610
Vasoya Krina
610
Rathod Nikita
609
Davra Meet
605
Prajapat Pradeep
604
Lathiya Tirth
603
Kakadiya Krisha
603
Katariya Milan
601
Sakariya Krima
601
Dholа Vaibhav
600
Zinzala Yuvraj
600
ABOVE 600 + 33
ABOVE 550 + 61
ABOVE 500+ 83
Branch : Aaimata Road | Simada | Katargam
63 5656 2626 | 63 5656 9626
Scanned with OKEN Scanner

Beyond Limits NEET Academy
- SURAT

CRASH COURSE for NEET

Admission open

Batch Start From **4th March 2025**

તમારા ડૉક્ટર બનવાના સપનાને સાકાર કરો અમારી સાથે....

2017	2018	2019	2020	2021	2022	2023	2024
14 MBBS	27 MBBS	44 MBBS	48 MBBS	66 MBBS	68 MBBS	51 MBBS	53 MBBS
14 BHMS	19 BHMS	37 BHMS	34 BHMS	47 BHMS	53 BHMS	40 BHMS	59 BHMS
5 BAMS	1 BAMS	8 BAMS	12 BAMS	18 BAMS	18 BAMS	15 BAMS	27 BAMS
1 BDS	1 BDS	2 BDS	3 BDS	4 BDS	6 BDS	3 BDS	9 BDS
34 Doctors	48 Doctors	91 Doctors	97 Doctors	135 Doctors	145 Doctors	109 Doctors	148 Doctors

અત્યાર સુધીમાં કુલ

371 MBBS | 303 BHMS | 104 BAMS | 29 BDS

8 વર્ષ માં 807 ડૉક્ટર્સ

63 5656 2626 **Branch** 63 5656 9626

સીમાડા (સરથાણા)	આઈ માતા રોડ	કામરેજ
101, રોયલ આર્કેડ, બાલાજી સાયકલની ઉપર, સરથાણા જકાતનાકા, સુરત.	304, ત્રીજો માળ, સમર્થપાર્ક કોમ્પલેક્ષ, અર્ચના સ્કૂલ નજીક, આઈમાતા રોડ, સુરત.	403, ગ્લોબલ એજ્યુકેશન એકેડમી, શ્રીજી આર્કેડ, મિલેનિયમ સુપર સ્ટોર્સની સામે, કામરેજ બારડોલી રોડ, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત.

Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner

Physics : Section-A (Q. No. 1 to 35)

1 સીઝિયમ (Cs), પોટેશિયમ (K) અને સોડિયમ (Na)ના કાર્ય-વિધેય અનુક્રમે 2.14 eV, 2.30 eV અને 2.75 eV છે. જો વીજચુંબકીય વિકિરણની આપાત ઊર્જા 2.20 eV હોય તો, આમાંથી કોની પ્રકાશ સંવેદિત સપાટી ફોટોઈલેક્ટ્રોનનું ઉત્સર્જન કરી શકે?

(1) ફક્ત Na (2) ફક્ત Cs

(3) Na અને K બંને (4) ફક્ત K

2 કોઈ પણ બંધ પૃષ્ઠમાંથી પસાર થતું ચોખ્ખું (પરિણામી) ચુંબકીય ફ્લક્સ ________ હોય છે.

(1) ઋણ (2) શૂન્ય

(3) ધન (4) અનંત

3 જો પરિપથમાં ગેલ્વેનોમીટર G કોઈ આવર્તન દર્શાવતું ન હોય તો Rનું મૂલ્ય ________ થાય.



(1) 400 Ω (2) 200 Ω

(3) 50 Ω (4) 100 Ω

4 એક 12 V, 60 Wના લેમ્પને સ્ટેપડાઉન ટ્રાન્સફાર્મરના ગૌણ છેડા (secondary) સાથે જોડેલ છે, જ્યારે તેના પ્રાથમિક છેડા (primary)ને 220 Vના એસી મેઈન્સ સાથે જોડવામાં આવે છે. જો ટ્રાન્સફોર્મરને આદર્શ ધારવામાં આવે તો, પ્રાથમિક ગૂંચળામાં કેટલો પ્રવાહ વહેશે?

(1) 0.37 A (2) 0.27 A

(3) 2.7 A (4) 3.7 A

5 એક પૂર્ણતરંગ રેક્ટિફાયર પરિપથ બે p-n જંક્શન ડાયોડ, સેન્ટર ટેપ ટ્રાન્સફોર્મર, સંધારક અને લોડ અવરોધ ધરાવે છે. આમાંથી કયો ઘટક રેક્ટિફાઈડ આઉટપુટમાંથી ac રીપલ દૂર કરે છે?

(1) લોડ અવરોધ

(2) સેન્ટર ટેપ ટ્રાન્સફોર્મર

(3) p-n જંક્શન ડાયોડ

(4) સંધારક

6 મુક્ત અવકાશમાં ગતિ કરતા સમતલ વિદ્યુત ચુંબકીય તરંગમાં વિદ્યુત ક્ષેત્ર 2.0×10^{10} Hz આવૃત્તિના અને $48\ \text{V m}^{-1}$ કંપવિસ્તારના સાઈન પ્રકારનાં દોલનો કરે છે, તો ચુંબકીય ક્ષેત્રના દોલનનો કંપવિસ્તાર ______ હોય. (મુક્ત અવકાશમાં પ્રકાશનો વેગ $= 3 \times 10^8\ \text{m s}^{-1}$)

(1) 1.6×10^{-6} T (2) 1.6×10^{-9} T

(3) 1.6×10^{-8} T (4) 1.6×10^{-7} T

7 ધાતુનો તાર (0.4 ± 0.002) ગ્રામ દળ, (0.3 ± 0.001) mm ત્રિજ્યા અને (5 ± 0.02) cm લંબાઈ ધરાવે છે. તેની ઘનતાના માપનમાં નિકટતમ મહત્તમ પ્રતિશત ત્રુટિ ________ હશે.

(1) 1.4% (2) 1.2%

(3) 1.3% (4) 1.6%

8 પ્રકાશ હવામાં t_1 સમયમાં x અંતર અને t_2 સમયમાં કોઈ માધ્યમમાં $10x$ અંતર કાપે છે. તો આ માધ્યમ માટે ક્રાંતિકોણ કેટલો હશે?

(1) $\sin^{-1}\left(\frac{10t_1}{t_2}\right)$ (2) $\sin^{-1}\left(\frac{t_2}{t_1}\right)$

(3) $\sin^{-1}\left(\frac{10t_2}{t_1}\right)$ (4) $\sin^{-1}\left(\frac{t_1}{10t_2}\right)$

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

9 એક વિદ્યુત દ્વિધ્રુવીને $2\times10^5 N C^{-1}$ તીવ્રતાના વિદ્યુતક્ષેત્ર સાથે 30°ના ખૂણે મૂકેલી છે. તે 4 N m જેટલું ટોર્ક અનુભવે છે. જો દ્વિધ્રુવીની લંબાઈ 2 cm હોય તો દ્વિધ્રુવી પરના વીજભારની ગણતરી કરો.

(1) 2 mC (2) 8 mC

(3) 6 mC (4) 4 mC

10 ધારો કે છત (જડિત આધાર) પરથી એક તાર લટકાવેલો છે અને તેના મુક્ત છેડે વજન W લગાડેલ છે. તારના આડછેદના ક્ષેત્રફળ (A) પરના કોઈ બિંદુએ લાગતું પ્રતાન-પ્રતિબળ ________ છે.

(1) શૂન્ય (2) $2W/A$

(3) W/A (4) $W/2A$

11 હાઈડ્રોજન વર્ણપટમાં બામર શ્રેણીની સૌથી ટૂંકી તરંગલંબાઈ λ છે. તો બ્રેકેટ શ્રેણીની સૌથી ટૂંકી તરંગલંબાઈ ________ છે.

(1) 16λ (2) 2λ

(3) 4λ (4) 9λ

12 એક વાયુનું તાપમાન –50° C છે. વાયુને કેટલા તાપમાન સુધી ગરમ કરવામાં આવે કે જેથી તેની rms ઝડપમાં 3 ગણો વધારો થાય ?

(1) 223 K (2) 669° C

(3) 3295° C (4) 3097 K

13 એક ફૂટબોલ ખેલાડી દક્ષિણ તરફ ગતિ કરે છે અને વિરોધીને અવગણવા અચાનક તે તેટલી ઝડપથી પૂર્વ તરફ વળે છે. ખેલાડી પર વળતી વખતે લાગતું ઘર્ષણ બળ ________ હશે.

(1) દક્ષિણ-પશ્ચિમ પર

(2) પૂર્વ તરફની દિશામાં

(3) ઉત્તર તરફની દિશામાં

(4) ઉત્તર-પૂર્વ પર

14 સમાન લંબાઈની ખુલ્લી નળી અને બંધનળીમાં ઉત્પન્ન થતા મૂળભૂત હાર્મોનિકની આવૃત્તિઓનો ગુણોત્તર શું થાય?

(1) 3 : 1 (2) 1 : 2

(3) 2 : 1 (4) 1 : 3

15 વર્તુળના પરિઘ પર ગતિ કરતી વસ્તુનો કોણીય પ્રવેગ ________ હોય છે.

(1) ભ્રમણની અક્ષ પર

(2) તેની ત્રિજ્યા પર કેન્દ્રથી દૂરની દિશામાં

(3) તેની ત્રિજ્યા પર કેન્દ્ર તરફની દિશામાં

(4) તેની સ્થિતિના સ્પર્શકની દિશામાં

16 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : ફોટોવોલ્ટીક ઉપકરણો પ્રકાશના વિકિરણનું વિદ્યુતમાં રૂપાંતર કરે છે.

વિધાન II : ઝેનર ડાયોડની રચના રિવર્સ બાયસ હેઠળ બ્રેકડાઉન વિસ્તારમાં કાર્ય માટે કરવામાં આવે છે.

ઉપર્યુક્ત વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી ઉચિત** ઉત્તર પસંદ કરો :

(1) **વિધાન I** સાચું નથી પરંતુ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં નથી.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** સાચું નથી.

17 જો બંધ સપાટી પર $\oint_s \vec{E}\cdot\vec{dS}=0$, તો

(1) સપાટીની અંદર વિદ્યુતક્ષેત્ર સમાન હોવું જરૂરી છે.

(2) સપાટીમાં પ્રવેશતી ક્ષેત્રરેખાઓની સંખ્યા તેમાંથી નીકળતી ક્ષેત્રરેખાઓની સંખ્યા જેટલી જ હોવી જોઈએ.

(3) સપાટી પર વિદ્યુત ક્ષેત્રનું પરિમાણ અચળ છે.

(4) બધા જ વીજભાર સપાટીની અંદર હોવા જરૂરી છે.

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

18 એક કાર્બન અવરોધકનો વર્ણ સંકેત (colour code) પરથી અવરોધ $(22000 \pm 5\%)\,\Omega$ શોધવામાં આવે છે. ત્રીજા પટ્ટાનો રંગ ________ હોવો જોઈએ.

(1) પીળો (2) લાલ

(3) લીલો (4) નારંગી

19 2 A પ્રવાહનું વહન કરતા 4 μH ઈન્ડક્ટન્સના ઈન્ડક્ટરમાં ________ ચુંબકીય ઊર્જાનો સંગ્રહ થાય.

(1) 8 μJ (2) 4 μJ

(3) 4 mJ (4) 8 mJ

20 એક શ્રેણી *LCR* પરિપથમાં 10 mHનો ઈન્ડક્ટન્સ *L*, 1 μFનો સંધારક *C* અને 100 Ωનો અવરોધ *R* છે. તો અનુનાદ ઉદ્ભવે તે વખતે આવૃત્તિ ________ છે.

(1) 1.59 kHz (2) 15.9 rad/s

(3) 15.9 kHz (4) 1.59 rad/s

21 નીચેના પરિપથમાં પ્રવાહનું મૂલ્ય અને દિશા ________ છે.



(1) 1.5 A, *E*માં થઈને *B* થી *A* તરફ

(2) 0.2 A, *E*માં થઈને *B* થી *A* તરફ

(3) 0.5 A, *E*માં થઈને *A* થી *B* તરફ

(4) $\frac{5}{9}$ A, *E*માં થઈને *A* થી *B* તરફ

22 *V* volts સ્થિતિમાન તફાવતથી પ્રવેગિત થતા ઈલેક્ટ્રોન વડે ઉત્પન્ન થતા ક્ષ-કિરણોની ન્યૂનતમ તરંગલંબાઈ ________ના સમપ્રમાણમાં હોય છે.

(1) V^2 (2) $\sqrt{V}$

(3) $\frac{1}{V}$ (4) $\frac{1}{\sqrt{V}}$

23 તાપમાન, વોલ્ટેજ સપ્લાયમાં ન ધારેલા ફેરફારોને લીધે માપનમાં ઉદ્ભવતી ત્રુટિઓ ________ છે.

(1) અવ્યવસ્થિત ત્રુટિઓ

(2) સાધનની ત્રુટિઓ

(3) વ્યક્તિગત ત્રુટિઓ

(4) લઘુતમ માપ ત્રુટિઓ

24 યંગના બે સ્લિટના પ્રયોગ માટે નીચે મુજબ બે વિધાનો આપેલાં છે :

વિધાન I : જો પડદાને સ્લિટના સમતલથી દૂર લઈ જવામાં આવે તો શલાકાઓનું કોણીય અંતર અચળ રહે છે.

વિધાન II : જો એકરંગી ઉદ્ગમને સ્થાને બીજા ઊંચી તરંગલંબાઈના એકરંગી ઉદ્ગમને લેવામાં આવે, તો શલાકાઓ વચ્ચેનું કોણીય અંતર ઘટે છે.

ઉપર્યુક્ત વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** ઉત્તર પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

25 બંદૂકમાંથી એક ગોળી 280 m s^{-1}ની ઝડપે સમક્ષિતિજની ઉપર 30°ને ખૂણે છોડવામાં આવે છે. ગોળીએ પ્રાપ્ત કરેલી મહત્તમ ઊંચાઈ ________ છે.

$\left(g = 9.8\ \mathrm{m\,s^{-2}},\ \sin 30^\circ = 0.5\right)$

(1) 3000 m (2) 2800 m

(3) 2000 m (4) 1000 m

26 જ્યારે ઉષ્મા પ્રાપ્તિ સ્થાન 327° C તાપમાને રહેલું હોય ત્યારે કાર્નોટ એન્જિન 50% કાર્યક્ષમતા ધરાવે છે. તો ઠારણ વ્યવસ્થાનું તાપમાન ________ છે.

(1) 200° C (2) 27° C

(3) 15° C (4) 100° C

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

27 સાબુના દ્રાવણમાંથી 2 cm ત્રિજ્યાનો સાબુનો પરપોટો રચવા માટે અંદાજે ________ ઊર્જાનો જથ્થો જરૂરી છે. (સાબુના દ્રાવણનું પૃષ્ઠતાણ = $0.03\ N\ m^{-1}$)

(1) 50.1×10^{-4}J (2) 30.16×10^{-4}J

(3) 5.06×10^{-4}J (4) 3.01×10^{-4}J

28 એક રેડિયો એક્ટિવ પદાર્થની અર્ધ-આયુ 20 મિનિટ છે. કેટલા સમયમાં પદાર્થની એક્ટિવીટી તેના મૂળ મૂલ્યના $\left(\frac{1}{16}\right)$ ભાગ સુધી ઘટશે?

(1) 80 મિનિટ (2) 20 મિનિટ

(3) 40 મિનિટ (4) 60 મિનિટ

29 એક લાંબી સ્પ્રિંગને 2 cm ખેંચવામાં આવે ત્યારે તેની સ્થિતિ ઊર્જા U છે. જો સ્પ્રિંગને 8 cm ખેંચવામાં આવે તો તેમાં સંગ્રહ થતી સ્થિતિ ઊર્જા ________ થશે.

(1) 16U (2) 2U

(3) 4U (4) 8U

30 નીચેના પરિપથમાં દર્શાવેલા સંધારક (capacitance)ના તંત્રની સમતુલ્ય સંધારકતા ________ છે.



(1) 9 µF (2) 2 µF

(3) 3 µF (4) 6 µF

31 એક વાહન xનું અડધું અંતર ϑ ઝડપથી અને બાકીનું અંતર 2ϑ ઝડપથી કાપે છે. તેની સરેરાશ ઝડપ ________ છે.

(1) $\frac{3\vartheta}{4}$ (2) $\frac{\vartheta}{3}$

(3) $\frac{2\vartheta}{3}$ (4) $\frac{4\vartheta}{3}$

32 M દળ અને R ત્રિજ્યાના ઘન ગોળાની તેની અક્ષને અનુલક્ષીને ચક્રાવર્તન ત્રિજ્યા, અને તેટલા જ દળ અને ત્રિજ્યા ધરાવતા પાતળા પોલા ગોળાની, તેની અક્ષને અનુલક્ષીને ચક્રાવર્તન ત્રિજ્યાનો ગુણોત્તર ________ છે.

(1) 5 : 2 (2) 3 : 5

(3) 5 : 3 (4) 2 : 5

$\sqrt{3}:\sqrt{5}$

33 'm' અને '$9m$' દળના બે પદાર્થને 'R' અંતરે મૂકેલા છે. આ બંને પદાર્થોને જોડતી રેખા પર જ્યાં ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર શૂન્ય થાય તે બિંદુએ તેનું ગુરુત્વીય સ્થિતિમાન ________ હશે. (G = ગુરુત્વીય અચળાંક)

(1) $-\frac{20\,Gm}{R}$ (2) $-\frac{8\,Gm}{R}$

(3) $-\frac{12\,Gm}{R}$ (4) $-\frac{16\,Gm}{R}$

34 વેન્ચુરીમીટર ________ પર કાર્ય કરે છે.

(1) લંબ અક્ષના સિદ્ધાંત

(2) હાઈગેન્સના સિદ્ધાંત

(3) બર્નુલીના સિદ્ધાંત

(4) સમાંતર અક્ષના સિદ્ધાંત

35 એ.સી. ઉદ્‌ગમને સંધારક (C) સાથે જોડેલું છે. તેની કાર્યકારી આવૃત્તિમાં ઘટાડાને લીધે

(1) સંધારકનું રીએક્ટન્સ અચળ રહે છે.

(2) સંધારકનું રીએક્ટન્સ ઘટે છે.

(3) સ્થાનાંતરણ પ્રવાહ વધે છે.

(4) સ્થાનાંતરણ પ્રવાહ ઘટે છે.

Beyond Limits

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

Physics : Section-B (Q. No. 36 to 50)

36 હાઈડ્રોજન પરમાણુની સૌથી અંદરની કક્ષાની ત્રિજ્યા 5.3×10^{-11} m છે. હાઈડ્રોજન પરમાણુની શક્ય ત્રીજી કક્ષાની ત્રિજ્યા કેટલી થાય?

(1) 4.77 Å (2) 0.53 Å

(3) 1.06 Å (4) 1.59 Å

37 પ્લેટિનમ તારનો 0°C તાપમાને અવરોધ 2Ω અને 80°C પર 6.8Ω છે. તારના અવરોધનો તાપમાન ગુણાંક ______ છે.

(1) 3×10^{-1} °C^{-1} (2) 3×10^{-4} °C^{-1}

(3) 3×10^{-3} °C^{-1} (4) 3×10^{-2} °C^{-1}

38 આકૃતિમાં દર્શાવેલ પરિપથનો ચોખ્ખો ઈમ્પિડન્સ ______ હશે.



(1) 25 Ω (2) $10\sqrt{2}$ Ω

(3) 15 Ω (4) $5\sqrt{5}$ Ω

39 આપેલ લોજિક પરિપથ માટે કયું સત્યાર્થતા કોષ્ટક સાચું છે?



(1)

A	B	Y
0	0	0
0	1	0
1	0	0
1	1	1

(2)

A	B	Y
0	0	1
0	1	1
1	0	1
1	1	0

(3)

A	B	Y
0	0	0
0	1	1
1	0	1
1	1	1

(4)

A	B	Y
0	0	1
0	1	0
1	0	1
1	1	0

40 પ્રત્યેકનો અવરોધ R હોય તેવા 10 અવરોધકોને E emf અને અવગણ્ય આંતરિક અવરોધવાળી બેટરી સાથે શ્રેણીમાં જોડવામાં આવે છે. ત્યારબાદ આજ અવરોધકોને તે જ બેટરી સાથે સમાંતર જોડવામાં આવે ત્યારે પ્રવાહ n ગણો વધી જાય છે. તો nનું મૂલ્ય ______ હશે.

(1) 1000 (2) 10

(3) 100 (4) 1

41 એક કારના તળિયા પર રહેલો પદાર્થ સ્થિર રહે છે. પદાર્થ અને તળિયા વચ્ચેનો સ્થિત ઘર્ષણાંક 0.15 છે. કારનો મહત્તમ પ્રવેગ ગણો.
($g = 10$ m s^{-2}).

(1) 50 m s^{-2} (2) 1.2 m s^{-2}

(3) 150 m s^{-2} (4) 1.5 m s^{-2}

42 સરળ આવર્તગતિ કરતા કણનો x-t આલેખ આકૃતિમાં દર્શાવેલો છે. $t=2$ સેકન્ડ વખતે કણનો પ્રવેગ ______ છે.



(1) $-\frac{\pi^2}{16}$ m s^{-2} (2) $\frac{\pi^2}{8}$ m s^{-2}

(3) $-\frac{\pi^2}{8}$ m s^{-2} (4) $\frac{\pi^2}{16}$ m s^{-2}

43 એક ઉપગ્રહ T આવર્તકાળ સાથે પૃથ્વીની સપાટીથી થોડો ઉપર પરિભ્રમણ કરે છે. જો d એ પૃથ્વીની ઘનતા હોય અને G એ સાર્વત્રિક ગુરુત્વાકર્ષણ અચળાંક હોય, તો રાશિ $\frac{3\pi}{Gd}$ તેનું ______ રજૂ કરશે.

(1) $\sqrt{T}$ (2) T

(3) T^2 (4) T^3

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

44 એક લાંબા સુવાહક તારને આકૃતિમાં દર્શાવ્યા મુજબ A થી Bના અર્ધવર્તુળ આકારમાં વાળવામાં આવે છે. સ્થિર પ્રવાહની સંરચના માટે P બિંદુએ ચુંબકીય ક્ષેત્ર -



(1) $\frac{\mu_0 i}{4R}\left[1-\frac{2}{\pi}\right]$ પાનાની અંદરની તરફ નિર્દેશ કરશે.

(2) $\frac{\mu_0 i}{4R}$ પાનાની અંદરની તરફ નિર્દેશ કરશે.

(3) $\frac{\mu_0 i}{4R}$ પાનાની બહારની તરફ નિર્દેશ કરશે.

(4) $\frac{\mu_0 i}{4R}\left[1-\frac{2}{\pi}\right]$ પાનાની બહારની તરફ નિર્દેશ કરશે.

45 અહીં દર્શાવેલ આકૃતિમાં લેન્સના સંયોજનની સમતુલ્ય કેન્દ્રલંબાઈ કેટલી છે? (બધા જ સ્તરો પાતળા ધારો)



(1) – 50 cm (2) 40 cm

(3) – 40 cm (4) – 100 cm

46 સમાન કેન્દ્રલંબાઈ (f)ના પાતળા લેન્સ, પણ એક બહિર્ગોળ અને બીજો અંતર્ગોળ એકબીજાના સંપર્કમાં રાખેલ છે. આ સંયોજનની સમતુલ્ય કેન્દ્રલંબાઈ _______ થાય.

(1) અનંત (2) શૂન્ય

(3) $f/4$ (4) $f/2$

47 ધન x-અક્ષ પર, I પ્રવાહનું વહન કરતા તારની લંબાઈ L છે. તેને $\vec{B} = (2\hat{i} + 3\hat{j} - 4\hat{k})$ T ચુંબકીય ક્ષેત્રમાં મૂકવામાં આવે છે. તાર પર લાગતા ચુંબકીય બળનું મૂલ્ય _______ છે.

(1) $\sqrt{3}\,IL$ (2) $3\,IL$

(3) $\sqrt{5}\,IL$ (4) $5\,IL$

48 બંદૂકમાંથી લંબચોરસ લાકડાના બ્લોક પર 'u' વેગથી એક ગોળી છોડવામાં આવે છે. જ્યારે ગોળી બ્લોકમાં સમક્ષિતિજ રીતે 24 cm પ્રવેશે ત્યારે તેનો વેગ $\frac{u}{3}$ થાય છે. ત્યારબાદ તે હજી તે જ દિશામાં બ્લોકને ભેદીને બ્લોકના બરાબર બીજે છેડે સ્થિર થાય છે. તો બ્લોકની કુલ લંબાઈ _______ છે.

(1) 30 cm (2) 27 cm

(3) 24 cm (4) 28 cm

49 આકૃતિમાં એક વિદ્યુત દ્વિ-ધ્રુવી દર્શાવેલો છે. આ દ્વિ-ધ્રુવીને લીધે બિંદુ P આગળ વિદ્યુત સ્થિતિમાન _______ $\times 10^2$ V છે.



(ϵ_0 = મુક્ત અવકાશનો પરાવૈદ્યુતાંક અને $\frac{1}{4\pi\epsilon_0} = K$):

(1) $\left(\frac{8}{3}\right)qK$ (2) $\left(\frac{3}{8}\right)qK$

(3) $\left(\frac{5}{8}\right)qK$ (4) $\left(\frac{8}{5}\right)qK$

50 એક નદી પર એક સમક્ષિતિજ પુલ બાંધવામાં આવ્યો છે. પુલ પર ઊભેલ વિદ્યાર્થી એક નાનો દડો (બૉલ) $4\ m\ s^{-1}$ વેગથી શિરોલંબ ઉર્ધ્વ દિશામાં ફેંકે છે. દડો 4 s બાદ પાણીની સપાટી પર પછડાય છે. પાણીની સપાટીથી પુલની ઊંચાઈ _______ છે.

($g = 10\ m\ s^{-2}$ લો)

(1) 68 m (2) 56 m

(3) 60 m (4) 64 m

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

51 સ્થિરતાને એક પરિબળ (અવયવ) તરીકે લેતાં, નીચે આપેલામાંથી કયા એક **સાચા** સંબંધની રજૂઆત છે?

(1) $TlI > TlI_3$ (2) $TlCl_3 > TlCl$
(3) $InI_3 > InI$ (4) $AlCl > AlCl_3$

52 આપેલ પ્રક્રિયામાં નીપજ ઓળખી બતાવો :



(1)

(2) 

(3) 

(4) 

53 આપેલ સંયોજન



________ નું એક ઉદાહરણ છે.

(1) વિનાઈલિક હેલાઈડ
(2) બેન્ઝાઈલિક હેલાઈડ
(3) એરાઈલ હેલાઈડ
(4) એલાયલિક હેલાઈડ

54 લેસાઈન નિષ્કર્ષણમાં નાઈટ્રોજન અને સલ્ફર બંને હાજર છે. જે Fe^{3+} ની સાથે નીચેનાના બનવાને કારણે લોહી જેવો લાલ રંગ આપે છે.

(1) $[Fe(SCN)]^{2+}$
(2) $Fe_4[Fe(CN)_6]_3 \cdot xH_2O$
(3) NaSCN
(4) $[Fe(CN)_5NOS]^{4-}$

55 નીચે બે વિધાનો આપેલા છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : કોઈ પણ પ્રક્રિયા એ શૂન્ય સક્રિયકરણ શક્તિ ધરાવી શકે છે.

કારણ R : પ્રક્રિયક અણુઓ દ્વારા (વડે) શોષાતી ઊર્જાના ન્યૂનતમ વધારાના જથ્થાને લીધે તેમની ઊર્જા એ દહેલી મૂલ્યને સમાન થાય છે જેને સક્રિયકરણ ઊર્જા કહે છે.

ઉપરનાં વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.
(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.
(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.
(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

56 20% શુદ્ધ લાઈમ સ્ટોન (ચૂનાનો પથ્થર)ના 20 g ને ગરમ કરતાં ઉત્પન્ન થતા CO_2ના દળ માટે **સાચો** વિકલ્પ શોધો. (પરમાણ્વીય વજન Ca = 40)

$$\left[CaCO_3 \xrightarrow{1200\ K} CaO + CO_2\right]$$

(1) 1.32 g (2) 1.12 g
(3) 1.76 g (4) 2.64 g

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

57 નીચે આપેલ પ્રક્રિયાને પૂર્ણ કરો :



[C] શોધો.

(1) 

(2) 

(3) 

(4) 

58 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : શર્કરાના 1′ સ્થાન પર બેઈઝના જોડાણ દ્વારા બનતા એકમને ન્યુક્લિઓસાઈડ કહેવાય છે.

વિધાન II : જ્યારે ન્યુક્લિઓસાઈડ શર્કરા અર્ધભાગ (sugar moiety) સાથે ફોસ્ફોરસ ઍસિડ 5′- સ્થાનેથી જોડાય છે ત્યારે આપણને ન્યુક્લિઓટાઈડ મળે છે.

ઉપરનાં વિધાનોના સંદર્ભમાં નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો જવાબ** પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

59 એક સંયોજન બે તત્ત્વો A અને B થી બનેલો છે. તત્ત્વ B ક્યુબિક ક્લોઝ બંધારણ બનાવે છે અને પરમાણુઓ A સમચતુષ્ફલકીય છિદ્રોનો 1/3 રોકે છે. જો સંયોજનનું સૂત્ર A_xB_y હોય તો પછી x + yનું મૂલ્ય વિકલ્પોમાંથી શોધો.

(1) 2 (2) 5

(3) 4 (4) 3

60 .... ના કારણે જલીય દ્રાવણમાં ક્ષારો Cu^{2+}ની સ્થિરતા Cu^+ કરતાં વધારે છે.

(1) દ્વિતીય આયનીકરણ એન્થાલ્પી

(2) પ્રથમ આયનીકરણ એન્થાલ્પી

(3) પરમાણ્વીકરણ (atomization)ની એન્થાલ્પી

(4) જલીયકરણ ઊર્જા

61 **સૂચી - I** સાથે **સૂચી - II**ને જોડો :

	સૂચી - I		**સૂચી - II**
A.	કોક (coke)	I.	sp^3 સંકરણ પામેલા કાર્બન પરમાણુઓ.
B.	હીરો	II.	શુષ્ક ઊંજણ (dry lubricant) તરીકે ઉપયોગી
C.	ફુલેરિન	III.	રિડક્શનકર્તા તરીકે ઉપયોગી
D.	ગ્રેફાઈટ	IV.	પિંજર જેવા અણુઓ (cage like molecules)

નીચે આપેલ વિકલ્પોમાંથી **સાચો** જવાબ આપો :

(1) A-III, B-IV, C-I, D-II

(2) A-II, B-IV, C-I, D-III

(3) A-IV, B-I, C-II, D-III

(4) A-III, B-I, C-IV, D-II

62 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : નિમજ્જન સાધન (diving apparatus)માં હિલિયમનો ઉપયોગ ઑક્સિજન મંદક તરીકે ઉપયોગી છે.

કારણ R : હિલિયમ O_2માં ઊંચી (વધુ) દ્રાવ્યતા ધરાવે છે.

ઉપરનાં વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.

(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.

(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.

(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

63 કેટલાક પ્રશાંતકોની સૂચી નીચે છે. નીચે આપેલામાંથી કયો એક બાર્બિટ્યુરેટ્સને આભારી છે?

(1) વેરોનાલ

(2) ક્લોરડાયાઝેપોક્સાઈડ

(3) મેપ્રોબામેટ

(4) વેલિયમ

64 નીચે આપેલાં વિધાનોમાંથી કયા સાચાં નથી?

A. ભારે ધાતુ ઑક્સાઈડોમાંથી ધાતુઓના રિડક્શન માટે હાઈડ્રોજનનો ઉપયોગ થાય છે.

B. ભારે પાણીનો ઉપયોગ પ્રક્રિયાની પ્રક્રિયાવિધિનો અભ્યાસ કરવામાં થાય છે.

C. ઑઈલ (તેલ)માંથી સંતૃપ્ત ચરબી (fats) બનાવવા હાઈડ્રોજનનો ઉપયોગ થાય છે.

D. કોઈ પણ તત્ત્વના બે પરમાણુઓ વચ્ચે એકલ બંધની સરખામણીમાં H-H બંધ વિયોજન એન્થાલ્પી ખૂબ જ નીચી (ઓછી) છે.

E. હાઈડ્રોજન ધાતુઓના ઑક્સાઈડનું રિડક્શન કરે છે જે આયર્ન કરતાં વધારે સક્રિય છે.

નીચે આપેલ વિકલ્પોમાંથી સૌથી બંધબેસતો જવાબ પસંદ કરો :

(1) માત્ર A, B, C

(2) માત્ર B, C, D, E

(3) માત્ર B, D

(4) માત્ર D, E

65 એક નિશ્ચિત પ્રક્રિયાં માટે, વેગ = $k[A]^2[B]$ છે. Bની સાંદ્રતા અચળ રાખીને જ્યારે Aની પ્રારંભિક સાંદ્રતા ત્રણ ગણી કરવામાં આવે ત્યારે પ્રારંભિક વેગ થશે તે...

(1) ત્રણના ફેક્ટરથી વધે છે.

(2) નવના ફેક્ટરથી ઘટે છે.

(3) છના ફેક્ટરથી વધે છે.

(4) નવના ફેક્ટરથી વધે છે.

66 નીચેનામાંથી કયું વિષમાંગ ઉદ્દીપન (heterogenous catalysis)નું એક ઉદાહરણ છે?

(1) એમોનિયા બનાવવા માટે ઝીણા કરેલ આયર્નની હાજરીમાં ડાયનાઈટ્રોજન અને ડાયહાઈડ્રોજન વચ્ચેનું સંયોગીકરણ (combination).

(2) નાઈટ્રોજનના ઑક્સાઈડની હાજરીમાં, સલ્ફર ડાયોક્સાઈડનું સલ્ફર ટ્રાયોક્સાઈડમાં ઑક્સિડેશન.

(3) H^+ આયનથી ખાંડ (સુગર)નું જળવિભાજન ઉદ્દીપિત થાય છે.

(4) નાઈટ્રોજન મોનોક્સાઈડની હાજરીમાં ઓઝોનનું વિઘટન.

67 નીચે આપેલાં વિધાનોમાંથી કયું એક **સાચું** છે?

(1) Mg એ જ્ઞાનતંતુમય સ્નાયુના કાર્યમાં (neuromuscular function) અને આંતરજ્ઞાન તંતુમય પ્રસરણમાં (interneuronal transmission) ભાગ ભજવે છે.

(2) માનવ શરીરમાં Mg અને Caની રોજિંદી જરૂરિયાત 0.2 - 0.3 g અંદાજવામાં (estimated) આવે છે.

(3) ફોસ્ફેટ સ્થાનાંતરમાં બધા ઉત્સેચકો ATPનો ઉપયોગ કરે છે જેના માટે સહઅવયવ તરીકે Caની જરૂરિયાત હોય છે.

(4) માનવ શરીરમાં હાડકું (bone) એ એક નિષ્ક્રિય અને બદલાતો ન હોય તેવો પદાર્થ છે.

68 કેલ્શિયમ ઑક્સાઈડની હાજરીમાં, સોડિયમ ઈથેનોએટ સાથે સોડિયમ હાઈડ્રોક્સાઈડને ગરમ કરતાં મળતા કાર્બનિક સંયોજનના બે molesનું વજન (g) શોધો.

(1) 18 (2) 16

(3) 32 (4) 30

69 અપેક્ષિત તત્ત્વ કે જે નિકટતમ ઉમદા વાયુ સંરચના મેળવવા સૌથી મોટો આયન બનાવે છે તે શોધો.

(1) Na (2) O

(3) F (4) N

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

Beyond Limits NEET Academy - SURAT

📞 63 5656 2626
📞 63 5656 9626

678

ડૉ.લિંબાણી ટીશા
MBBS-GMC વડોદરા

CRASH COURSE for NEET & GUJCET

Admission open

ગુજરાતી માધ્યમ

CENTER :

- Simada (Sarthana)
- Aai Mata Road
- Kamrej

Batch Start On

4th March 2025

Scanned with OKEN Scanner

70 N_2 અણુની આણ્વીય કક્ષકોની ઊર્જાઓનો **સાચો** ક્રમ શોધો :

(1) $\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < (\pi 2p_x = \pi 2p_y) < (\pi^* 2p_x = \pi^* 2p_y) < \sigma 2p_z < \sigma^* 2p_z$

(2) $\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < (\pi 2p_x = \pi 2p_y) < \sigma 2p_z < (\pi^* 2p_x = \pi^* 2p_y) < \sigma^* 2p_z$

(3) $\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < \sigma 2p_z < (\pi 2p_x = \pi 2p_y) < (\pi^* 2p_x = \pi^* 2p_y) < \sigma^* 2p_z$

(4) $\sigma 1s < \sigma^* 1s < \sigma 2s < \sigma^* 2s < \sigma 2p_z < \sigma^* 2p_z < (\pi 2p_x = \pi 2p_y) < (\pi^* 2p_x = \pi^* 2p_y)$

71 નીચે આપેલા સંકીર્ણોમાંથી હોમોલેપ્ટિક સંકીર્ણ શોધો.

(1) ટ્રાયઅમ્માઈનટ્રાયએક્વાક્રોમિયમ (III) ક્લોરાઈડ

(2) પોટેશિયમ ટ્રાયઓક્ઝલેટોએલ્યુમિનેટ (III)

(3) ડાયઅમ્માઈનક્લોરાઈડોનાઈટ્રાઈટો - N - પ્લેટિનમ (II)

(4) પેન્ટાઅમ્માઈનકાર્બોનેટોકોબાલ્ટ (III) ક્લોરાઈડ

72 આંતર આણ્વીય બળો એ પારસ્પરિક ક્રિયા કરવા વાળા કણો વચ્ચે આકર્ષણ અને અપાકર્ષણ બળો કે જે સમાવેશ કરશે તે....

A. દ્વિધ્રુવ - દ્વિધ્રુવ બળો

B. દ્વિધ્રુવ - પ્રેરિત દ્વિધ્રુવ બળો

C. હાઈડ્રોજન બંધન

D. સહસંયોજક બંધન

E. વિસર્જન બળો (dispersion forces)

નીચે આપેલા વિકલ્પોમાંથી સૌથી બંધબેસતો જવાબ પસંદ કરો :

(1) A, C, D, E સાચા છે.

(2) B, C, D, E સાચા છે.

(3) A, B, C, D સાચા છે.

(4) A, B, C, E સાચા છે.

73 પિરિડિનમાં σ બંધો, π બંધો અને ઈલેક્ટ્રોનના અબંધકારક યુગ્મની સંખ્યા અનુક્રમે શોધો :

(1) 12, 2, 1 (2) 11, 2, 0

(3) 12, 3, 0 (4) 11, 3, 1

74 નીચે આપેલામાંથી સાચાં વિધાનો પસંદ કરો :

A. બધા તત્ત્વોના પરમાણુઓ બે મૂળભૂત કણો (fundamental particles)થી બનેલા (composed) હોય છે.

B. ઈલેક્ટ્રોનનું દળ 9.10939×10^{-31} kg છે.

C. આપેલ તત્ત્વના બધા સમસ્થાનિકો સમાન રાસાયણિક ગુણધર્મો દર્શાવે છે.

D. પ્રોટોન અને ઈલેક્ટ્રોન બંને ભેગા (સંયુક્ત) (collectively) ન્યુક્લિઓન તરીકે જાણીતા છે.

E. ડાલ્ટનનો પરમાણ્વીય સિદ્ધાંત, પરમાણુના સંદર્ભમાં ફક્ત (માત્ર) (ultimate) દ્રવ્યના કણ તરીકે છે. (પરમાણુને દ્રવ્યના મૂળ કણના રૂપમાં માનેલ)

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો :

(1) માત્ર B, C અને E

(2) માત્ર A, B અને C

(3) માત્ર C, D અને E

(4) માત્ર A અને E

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

75 નીચે આપેલ પ્રક્રિયામાં નીપજ (A) ઓળખી બતાવો :



(1) 

(2) 

(3) 

(4)

76 નીચે બે વિધાનો આપેલા છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : $\Delta_r G = -nFE_{\text{કોષ}}$ સમીકરણમાં, $\Delta_r G$ નું મૂલ્ય n પર આધાર રાખે છે.

કારણ R : $E_{\text{કોષ}}$ એ વિશિષ્ટ ગુણધર્મ (intensive property) છે અને $\Delta_r G$ એ માત્રાત્મક ગુણધર્મ (extensive property) છે.

ઉપરનાં વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.

(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.

(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.

(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

77 નીચે આપેલા વિકલ્પો પૈકી બોઈલના નિયમનું સાચું આલેખીય નિરૂપણ કયું છે?

(1) 

(2) 

(3) 

(4) 

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

78 આપેલ ગૌણ ક્વોન્ટમ આંક (l)ના મૂલ્ય માટે n_m = (ચુંબકીય ક્વોન્ટમ આંક (m)નું માન્ય (permissible) મૂલ્યની સંખ્યા)ની વચ્ચે સંબંધ છે તે....

(1) $n_m = l + 2$ (2) $l = \frac{n_m - 1}{2}$

(3) $l = 2n_m + 1$ (4) $n_m = 2l^2 + 1$

79 25°C પર KClના સેન્ટીમોલર દ્રાવણની વાહકતા 0.0210 $ohm^{-1}\ cm^{-1}$ છે અને 25°C પર દ્રાવણ ધરાવતા કોષનો અવરોધ 60 ohm છે. કોષ અચળાંકનું મૂલ્ય શોધો.

(1) 3.34 cm^{-1} (2) 1.34 cm^{-1}

(3) 3.28 cm^{-1} (4) 1.26 cm^{-1}

80 નીચે આપેલ પ્રક્રિયાને ધ્યાનમાં લો અને નીપજ (P)ને ઓળખી બતાવો.

$CH_3-CH(CH_3)-CH(OH)-CH_3 \xrightarrow{HBr}$ નીપજ (P)

3 – મિથાઈલબ્યૂટેન – 2 – ઓલ

(1) $CH_3-C(CH_3)_2-CH_2Br$

(2) $CH_3-C(Br)(CH_3)-CH_2-CH_3$

(3) $CH_3CH=CH-CH_3$

(4) $CH_3-CH(CH_3)-CH(Br)-CH_3$

81 નીચે આપેલા અણુઓ પૈકી ક્યાનું બહુલીકરણ કરવાથી નિયોપ્રીન ઉત્પન્ન થાય છે?

(1) $H_2C=C(CH_3)-CH=CH_2$

(2) $H_2C=CH-CH=CH_2$

(3) $H_2C=C(Cl)-CH=CH_2$

(4) $H_2C=CH-C\equiv CH$

82 આપેલ સ્પીસીઝોની કુલ સંખ્યા કે જે તેની સૌથી બાહ્ય કોશમાં મધ્યસ્થ પરમાણુ આસપાસ આઠ ઈલેક્ટ્રોનો ધરાવતા નથી તે...

NH_3, $AlCl_3$, $BeCl_2$, CCl_4, PCl_5

(1) 1 (2) 3

(3) 2 (4) 4

83 નીચે આપેલા વિકલ્પો પૈકી નીચેના અણુઓ / આયનમાંથી કયો લુઈસ એસિડ તરીકે વર્તે છે?

(1) OH^- (2) NH_3

(3) H_2O (4) BF_3

84 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : પ્રવાહી એમોનિયામાં ધાત્વિક સોડિયમને ઓગાળતાં ગાઢું ભૂરું દ્રાવણ આપે છે કે જે અનુચુંબકીય છે.

કારણ R : એમાઈડના બનવાના કારણે ગાઢું ભૂરું દ્રાવણ છે.

ઉપરનાં વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.

(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.

(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.

(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

85 નીચે આપેલ પ્રક્રિયાઓમાંથી કઈ નીપજ તરીકે પ્રાથમિક એમાઈન આપતી નથી?

(1) $CH_3CONH_2 \xrightarrow[(ii)\ H_3O^{\oplus}]{(i)\ LiAlH_4}$ નીપજ

(2) $CH_3CONH_2 \xrightarrow{Br_2/KOH}$ નીપજ

(3) $CH_3CN \xrightarrow[(ii)\ H_3O^{\oplus}]{(i)\ LiAlH_4}$ નીપજ

(4) $CH_3NC \xrightarrow[(ii)\ H_3O^{\oplus}]{(i)\ LiAlH_4}$ નીપજ

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

Chemistry : Section-B (Q. No. 86 to 100)

86 નીચે આપેલાં વિધાનોમાંથી કયા ખોટાં છે?

A. સ્કેન્ડીયમ સિવાય બધા સંક્રાંતિ તત્વો MO ઑક્સાઈડો બનાવે છે, કે જે આયનિક છે.

B. સમૂહ ક્રમાંકને સુસંગત સૌથી ઊંચી ઑક્સિડેશન સંખ્યા (આંક) સંક્રાંતિ ધાતુ ઑક્સાઈડોમાં Sc_2O_3 થી Mn_2O_7 માં પ્રાપ્ત થાય છે.

C. V_2O_3 થી V_2O_4 થી V_2O_5 તરફ જતા બેઝિક લક્ષણો (પ્રકૃતિ) વધે છે.

D. V_2O_4 ઍસિડમાં દ્રાવ્ય થઈને VO_4^{3-} ક્ષાર આપે છે.

E. CrO બેઝિક છે પણ Cr_2O_3 ઉભયધર્મી છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) માત્ર B અને C

(2) માત્ર A અને E

(3) માત્ર B અને D

(4) માત્ર C અને D

87 નીચે આપેલ પ્રક્રિયાને ધ્યાનમાં લો.



નીપજો A અને B ઓળખો.

(1) 

(2) 

(3) 

(4) 

88 નીચે આપેલા વિકલ્પો પૈકી એન્થાલ્પીમાં ફેરફાર અને આંતરિક ઊર્જામાં ફેરફાર વચ્ચે **સાચો** સંબંધ કયો છે?

(1) $\Delta H + \Delta U = \Delta nR$

(2) $\Delta H = \Delta U - \Delta n_g RT$

(3) $\Delta H = \Delta U + \Delta n_g RT$

(4) $\Delta H - \Delta U = -\Delta nRT$

89 fccના એક એકમ કોષમાં એક ધાર કેન્દ્રિત અષ્ટફલકીય છિદ્રનો કયો અંશ (ભાગ) ગોઠવાયેલ છે?

(1) $\frac{1}{12}$ (2) $\frac{1}{2}$

(3) $\frac{1}{3}$ (4) $\frac{1}{4}$

90 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : જળાશયોમાં પોષકતત્ત્વોની ઊણપ (nutrient deficient) સુપોષણ તરફ દોરી જાય છે.

વિધાન II : સુપોષણ (Eutrophication) જળાશયોમાં ઑક્સિજનનું પ્રમાણના ઘટાડા તરફ દોરી જાય છે.

ઉપર્યુક્ત વિધાનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પણ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પણ **વિધાન II** ખોટું છે.

91 એસિડિક પરિસ્થિતિ હેઠળ નીચે આપેલા પૈકી કયો તરત જ નિર્જલીકરણ પામે છે?

(1) 

(2) 

(3) 

(4) 

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

92 સૂચી - I સાથે સૂચી - IIને જોડો :

સૂચી - I (સલ્ફરના ઓક્સોએસિડ)	સૂચી - II (બંધો)
A. પેરોક્સોડાયસલ્ફ્યુરિક એસિડ	I. બે S-OH, ચાર S=O, એક S-O-S
B. સલ્ફ્યુરિક એસિડ	II. બે S-OH, એક S=O
C. પાયરોસલ્ફ્યુરિક એસિડ	III. બે S-OH, ચાર S=O, એક S-O-O-S
D. સલ્ફ્યુરસ એસિડ	IV. બે S-OH, બે S=O

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-III, B-IV, C-II, D-I

(2) A-I, B-III, C-II, D-IV

(3) A-III, B-IV, C-I, D-II

(4) A-I, B-III, C-IV, D-II

93 નીચે આપેલ પ્રક્રિયામાં પ્રાપ્ત થતી મુખ્ય નીપજ શોધો :



$+ 2[Ag(NH_3)_2]^+ +$

$3\ ^-OH \xrightarrow{\Delta}$ મુખ્ય નીપજ

(1) 

(2) 

(3) 

(4) 

94 પ્રક્રિયાઓની નીચે આપેલ શ્રેણી (ક્રમ)માં પ્રાપ્ત થતી અંતિમ નીપજ [D] ઓળખો (શોધો) :

$$CH_3CHO \xrightarrow[\text{ii) } H_3O^+]{\text{i) } LiAlH_4} [A] \xrightarrow[\Delta]{H_2SO_4} [B]$$



(1) $HC \equiv C^{\ominus} Na^+$

(2) 

(3) 

(4) C_4H_{10}

95 આયર્નના નિષ્કર્ષણ દરમિયાન 900 K થી 1500 K તાપમાન વિસ્તાર (વિભાગ)ની વચ્ચે વાતભઠ્ઠી (blast furnace)માં પ્રક્રિયા થતી નથી તે..

(1) $CaO + SiO_2 \rightarrow CaSiO_3$

(2) $Fe_2O_3 + CO \rightarrow 2FeO + CO_2$

(3) $FeO + CO \rightarrow Fe + CO_2$

(4) $C + CO_2 \rightarrow 2CO$

96 પ્યુમિસ પથ્થર (Pumice stone) ________ નું એક ઉદાહરણ છે.

(1) ફીણ (foam) (2) સોલ (sol)

(3) જેલ (gel) (4) ઘન સોલ (solid sol)

97 કયું સંકીર્ણ સંયોજન સૌથી વધુ સ્થિર છે?

(1) $[Co(NH_3)_6]_2(SO_4)_3$

(2) $[Co(NH_3)_4(H_2O)Br](NO_3)_2$

(3) $[Co(NH_3)_3(NO_3)_3]$

(4) $[CoCl_2(en)_2]NO_3$

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

98 નીચે આપેલ સંયોજનોને ધ્યાનમાં લો :

i.  ii. 

iii.  iv. 

v.  vi. 

vii. 

ઉપર આપેલ સંયોજનો પૈકી, સંયોજનોની સંખ્યા કે જે હ્યુકેલના નિયમનું પાલન કરે છે તે ______.

(1) 5 (2) 4

(3) 6 (4) 2

99 300 K પર $A + B \rightleftharpoons C + D$ પ્રક્રિયામાં સ્પીસીઝોની સંતુલન સાંદ્રતા અનુક્રમે 2, 3, 10 અને 6 mol L^{-1} છે. પ્રક્રિયા માટે ΔG° શોધો. (R = 2 cal / mol K)

(1) – 13.73 cal (2) 1372.60 cal

(3) – 137.26 cal (4) – 1381.80 cal

100 આપેલ રેડોક્ષ પ્રક્રિયાને સંતુલન કરતાં

$$a\,Cr_2O_7^{2-} + b\,SO_3^{2-}(aq) + c\,H^+(aq) \rightarrow$$

$$2a\,Cr^{3+}(aq) + b\,SO_4^{2-}(aq) + \frac{c}{2}H_2O(\ell)$$

મળી આવતા સહગુણાંકો a, b અને c અનુક્રમે શોધો. સાચો વિકલ્પ પસંદ કરો.

(1) 8, 1, 3 (2) 1, 3, 8

(3) 3, 8, 1 (4) 1, 8, 3

Botany : Section-A (Q. No. 101 to 135)

101 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : મોસના જીવનચક્રમાં જન્યુજનકનો પ્રથમ તબક્કો એ પ્રતંતુ તબક્કો હોય છે.

કારણ R : પ્રતંતુ, પ્રાવરમાં ઉત્પન્ન થયેલ બીજાણુઓમાંથી સીધેસીધા વિકસે છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરો :

(1) A સાચું નથી પણ R સાચું છે.

(2) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી છે.

(3) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી નથી.

(4) A સાચું છે પણ R સાચું નથી.

102 સેલ્યુલોઝ આયોડીન સાથે વાદળી રંગ એટલે નથી આપતું કારણ કે,

(1) જ્યારે આયોડીન તેની સાથે પ્રતિક્રિયા કરે છે ત્યારે તેનું વિઘટન થઈ જાય છે.

(2) તે એક ડાયસેકેરાઈડ છે.

(3) તે એક કુંતલ આકાર (હેલીકલ) અણુ છે.

(4) તે જટિલ કુંતલો નથી ધરાવતું માટે તે આયોડીન આયન્સ ધારણ નથી કરી શકતું.

103 પ્રકાશ સંશ્લેષણ દરમ્યાન પાણીના અણુના વિભાજન માટે આ લઘુતત્ત્વ જરૂરી છે :

(1) કોપર (2) મેંગેનીઝ

(3) મોલીબ્ડેનમ (4) મેગ્નેશિયમ

104 એક્સપ્રેસ્ડ સીક્વન્સ ટેગ્સ (ESTs) એટલે

(1) કેટલાક અગત્યના અભિવ્યક્ત જનીન.

(2) દરેક જનીન જે RNA તરીકે અભિવ્યક્ત થાય છે.

(3) દરેક જનીન જે પ્રોટીન તરીકે અભિવ્યક્ત થાય છે.

(4) દરેક જનીન - અભિવ્યક્ત થતા કે ન થતા.

105 વાતાવરણમાં, ઓઝોનયુક્ત હવાના સ્તંભની (કોલમ) જાડાઈ મપાય છે -

(1) કીલોબેઈઝ (2) ડોબસન એકમ

(3) ડેસીબલ (4) ડેકામીટર

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

CRASH COURSE-2025

for NEET & GUJCET

- ❖ શું તમને પણ એવુ લાગે છે કે શાળામાં લેવાતી NEET ની પરીક્ષામાં ઓછા માર્કસના કારણે તમારૂ ડોક્ટર બનવાનું સપનું અધૂરું રહી જશે ?
- ❖ શું તમે પણ આ સપનાને પુરૂ કરવા માંગો છો ?
- ❖ શું તમે પણ ફરીવાર ઝડપથી NEET નું રિવિઝન કરવા માંગો છો ?
- ❖ તમારી તૈયારીને મજબૂત કરવાની બીજી તક એટલે Crash Course

Batch Start From

4th March 2025

તો આજે જ મુલાકાત લો...

NEET માં ગુજરાતી માધ્યમમાં **Best Result** આપતી સંસ્થામાં

BEYOND LIMITS

NEET Academy - SURAT

Branch : Aaimata Road | Simada | Kamrej

તમારા ડોક્ટર બનવાના સપનાને સાકાર કરો અમારી સાથે....

2017	2018	2019	2020	2021	2022	2023	2024
14 MBBS	27 MBBS	44 MBBS	48 MBBS	66 MBBS	68 MBBS	51 MBBS	53 MBBS
14 BHMS	19 BHMS	37 BHMS	34 BHMS	47 BHMS	53 BHMS	40 BHMS	59 BHMS
5 BAMS	1 BAMS	8 BAMS	12 BAMS	18 BAMS	18 BAMS	15 BAMS	27 BAMS
1 BDS	1 BDS	2 BDS	3 BDS	4 BDS	6 BDS	3 BDS	9 BDS
34 Doctors	48 Doctors	91 Doctors	97 Doctors	135 Doctors	145 Doctors	109 Doctors	148 Doctors

📞 63 5656 2626 📞 63 5656 9626

આઈ માતા રોડ : ૩૦૪, સમર્થપાર્ક કોમ્પલેક્ષ, ત્રીજો માળ, અર્ચના સ્કૂલ નજીક, આઈમાતા રોડ, સુરત.

સીમાડા (સરથાણા) : ૧૦૧, રોયલ આર્કેડ, બાલાજી સાયકલની ઉપર, સરથાણા જકાતનાકા, સુરત.

કામરેજ : ૪૦૩, ગ્લોબલ એજયુકેશન એકેડમી, શ્રીજી આર્કેડ, મિલેનિયમ સુપર સ્ટોર્સની સામે, કામરેજ બારડોલી રોડ, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત.

Scanned with OKEN Scanner

106 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : ગ્લાયકોલીસીસમાં ATP બે ચરણોમાં વપરાય છે.

કારણ R : પહેલો ATP વપરાય છે, ગ્લુકોઝને, ગ્લુકોઝ-6-ફોસ્ફેટમાં બદલવા અને બીજીવાર ATP વપરાય છે ફ્રુક્ટોઝ-6-ફોસ્ફેટનું રૂપાંતરણ ફ્રુક્ટોઝ-1-6-ડાયફોસ્ફેટમાં કરવા.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરો :

(1) A સાચું નથી પણ R સાચું છે.

(2) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી છે.

(3) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી નથી.

(4) A સાચું છે પણ R સાચું નથી.

107 ઈથીડીયન બ્રોમાઈડથી અભિરંજિત કરેલ DNA પર UV વિકિરણો પાડવામાં આવે ત્યારે તે બતાવશે -

(1) ચળકતો નારંગી રંગ

(2) ચળકતો લાલ રંગ

(3) ચળકતો વાદળી રંગ

(4) ચળકતો પીળો રંગ

108 જાતિ વિલુપ્તતાના મુખ્ય ચાર કારણો, 'ધી ઈવિલ ક્વાર્ટેટ' પૈકી કયું કારણ સૌથી અગત્યનું ગણાય છે?

(1) સહવિલોપન

(2) વસવાટી નુકસાન અને અવખંડન

(3) અતિશોષણ અને આર્થિક ફાયદો

(4) વિદેશી જાતિઓનું આક્રમણ

109 નીચે પૈકી અર્ધીકરણના કયા તબક્કાઓ અંતર્ગત સેંટ્રોમિયરનું વિભાજન થાય છે?

(1) અંત્યાવસ્થા (2) મધ્યાવસ્થા I

(3) મધ્યાવસ્થા II (4) ભાજનોત્તરાવસ્થા II

110 ઊંડા પાણીના ડાંગરમાં કયો અંતઃસ્રાવ આંતરગાંઠ/પર્ણદંડની લંબાઈને પ્રેરે છે?

(1) 2, 4-D (2) GA_3

(3) કાઈનેટીન (4) ઈથિલીન

111 રંગસૂત્રો પર જનીનોના સ્થાનનો નકશો બનાવવા, સૌ પ્રથમવાર એક જ રંગસૂત્ર પર આવેલ જનીનની જોડીઓના પુનઃસંયોજનની આવૃત્તિ (ફ્રીક્વેન્સી)ને, તેમની વચ્ચેના અંતરના માપ તરીકે, આમણે વાપર્યું-

(1) હેકીંગ

(2) થોમસ હન્ટ મોર્ગન

(3) સટન અને બોવેરી

(4) આલ્ફ્રેડ સ્ટર્ટવેન્ટ

112 કેલ્વીન ચક્ર દરમ્યાન, ગ્લુકોઝના એક અણુને સંશ્લેષિત કરવા કેટલા ATP અને $NADPH_2$ જરૂરી છે?

(1) 18 ATP અને 16 $NADPH_2$

(2) 12 ATP અને 12 $NADPH_2$

(3) 18 ATP અને 12 $NADPH_2$

(4) 12 ATP અને 16 $NADPH_2$

113 સુકોષકેંદ્રીઓમાં પ્રત્યાંકનની પ્રક્રિયામાં RNA પોલીમરેઝ IIIનો શું ભાગ છે?

(1) માત્ર snRNAsનું પ્રત્યાંકન

(2) rRNAsનું પ્રત્યાંકન (28S, 18S, 5.8S)

(3) tRNAનું પ્રત્યાંકન 5 srRNA અને snRNA

(4) પ્રિકર્સર-પ્રેરક mRNAનું પ્રત્યાંકન

114 ફેબેસી કુળ, સોલેનેસી અને લીલીએસીથી જુદું પડે છે. પુંકેસરોને અનુલક્ષીને એ લક્ષણ શોધો જે કુળ ફેબેસી માટે વિશિષ્ટ લાક્ષણિકતા છે પણ સોલેનેસી કે લીલીએસીમાં જોવા નથી મળતું.

(1) પરિલગ્ન અને દ્વિશાખી પરાગાશયો

(2) દ્વિગુચ્છી અને દ્વિશાખી પરાગાશયો

(3) બહુગુચ્છી અને દલલગ્ન પુંકેસરો

(4) એકગુચ્છી અને એકશાખી પરાગાશયો

115 અર્ધીકરણમાં, પૂર્વાવસ્થા - Iના કયા પેટાતબક્કામાં પુનઃસંયોજિત ગંઠિકાઓ દૃશ્યમાન થવાની ક્રિયા થાય છે?

(1) ડાયાકાઈનેસીસ (2) ઝાયગોટીન

(3) પેકીટીન (4) ડીપ્લોટીન

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

116 સમીકરણ

12.14 GPP – R = NPP માં

GPP એ કુલ પ્રાથમિક ઉત્પાદકતા છે.

NPPએ વાસ્તવિક પ્રાથમિક ઉત્પાદકતા છે.

અહીં R છે ________.

(1) પ્રજનન એલોકેશન

(2) પ્રકાશ સંશ્લેષણ કરતા સક્રિય વિકિરણો

(3) શ્વસન આંક

(4) શ્વસનથી થતો ઘટાડો

117 PS IIના પ્રક્રિયા-કેન્દ્રનું સર્વોચ્ચ માત્રામાં (મેક્સીમમ) શોષણ થાય છે -

11 13

(1) 780 nm (2) 680 nm

(3) 700 nm (4) 660 nm

118 સુસ્પષ્ટ સાબિતી કે DNA જ જનીનિક દ્રવ્ય છે, તે સૌ પ્રથમવાર આમણે પ્રતિપાદિત કર્યું -

12 6

(1) વીલ્કીન્સ અને ફ્રેંકલીન

(2) ફ્રેડરીક ગ્રીફીથ

(3) આલ્ફ્રેડ હર્શી અને માર્થા ચેઝ

(4) એવેરી, મેકલીઓડ અને મેકકાર્થી

119 નીચે પૈકી કયા વનસ્પતિ અંતઃસ્ત્રાવનો છંટકાવ તરુણ શંકુદ્રુમો પર કરવાથી પરિપક્વતાનો ગાળો ઝડપથી આવે છે જેને લીધે બીજ ઉત્પાદન વહેલું થાય છે?

11 15

(1) એબ્સીસિક એસિડ

(2) ઈન્ડોલ-3-બ્યુટીરીક એસિડ

(3) જીબરેલિક એસિડ

(4) ઝીએટીન

120 મકાઈના ડોડાની ટેસલ્સનું કાર્ય શું છે?

12 2

(1) બીજનું રક્ષણ કરવા

(2) કીટકોને આકર્ષવા

(3) પરાગરજને જકડવા

(4) પરાગરજનું વિસ્તરણ કરવા

121 પુનઃસંયોજિત DNA તકનીકની શુદ્ધિકરણ પ્રક્રિયા દરમ્યાન ઠંડો ઈથેનોલ ઉમેરવાથી, આનું અવક્ષેપણ થાય છે -

12 11

(1) પોલીસેકેરાઈડ્સ (2) RNA

(3) DNA (4) હીસ્ટોન્સ

122 આવૃત્તબીજધારીઓમાં, ફલન થયેલ ભ્રૂણપુટમાં એકકીય, દ્વિકીય અને ત્રિકીય રચનાઓ અનુક્રમે છે -

12 2

(1) સહાયક કોષો, પ્રતિધ્રુવીય કોષો અને ધ્રુવીય કોષ કેંદ્રો

(2) સહાયક કોષો, પ્રાથમિક ભ્રૂણપોષ કોષકેંદ્ર, યુગ્મનજ

(3) પ્રતિધ્રુવીય કોષો, સહાયક કોષો અને પ્રાથમિક ભ્રૂણપોષ કોષકેંદ્ર

(4) સહાયક કોષો, યુગ્મનજ અને પ્રાથમિક ભ્રૂણપોષ કોષકેંદ્ર

123 મોટા રંગબેરંગી, સુગંધીદાર અને મધુરસયુક્ત પુષ્પો જોવા મળે છે -

12 2

(1) પવન પરાગિત વનસ્પતિઓમાં

(2) કીટ પરાગિત વનસ્પતિઓમાં

(3) પક્ષી પરાગિત વનસ્પતિઓમાં

(4) ચામાચીડિયાથી પરાગિત વનસ્પતિઓમાં

124 પેશી સંવર્ધન પ્રયોગોમાં, મધ્યપર્ણ કોષોને સંવર્ધન માધ્યમમાં કિણક (કેલસ) બનાવવા મૂકવામાં આવે છે. આ ઘટનાને કહેવાય -

11 15

(1) ઘડપણ - સેનેસન્સ (2) વિભેદન

(3) નિર્વિભેદન (4) વિકાસ

125 નીચે બે વિધાનો આપેલાં છે.

11 11

વિધાન I : બાષ્પોત્સર્જન દરમ્યાન જે બળ ઉત્પન્ન થાય છે તે જલવાહકના કદની 130 મીટર ઊંચી પાણીની કોલમને ઊંચકી શકે છે.

વિધાન II : કેટલીક વાર, બાષ્પોત્સર્જન, બાષ્પોત્સર્જનીય ઠંડકથી પર્ણની સપાટીને 10-15 ડિગ્રી ઠંડું કરે છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સાચા** જવાબવાળો વિકલ્પ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

126 જૈવિક વિવિધતા પરનું ઐતિહાસિક સંમેલન, 'ધ અર્થ સમીટ' રિયો ડી જનેરોમાં, આ વર્ષે યોજાયું હતું :

12 15

(1) 2002 (2) 1985

(3) 1992 (4) 1986

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

127 જીન ગન પદ્ધતિમાં, જેમાં વિદેશી DNAને યજમાન કોષોમાં દાખલ કરવામાં આવે છે - તેમાં, ________ ધાતુના લઘુકણો વપરાય છે.

(1) ચાંદી
(2) કોપર
(3) ઝીંક
(4) ટંગસ્ટન અથવા સોનું

128 પટલની આરપાર, આયન્સની ગતિ અને જમાવટ તેમની સાંદ્રતા ઢોળાંશની વિરુદ્ધમાં થાય તેને, આનાથી સમજાવી શકાય છે -

(1) સક્રિય વહન
(2) આસૃતિ
(3) સાનુકૂલિત પ્રસરણ
(4) નિષ્ક્રિય વહન

129 અક્ષવર્તી જરાયુવિન્યાસ જોવા મળે છે -

(1) જાસુદ, પીટુનીઆ અને લીંબુમાં
(2) રાઈ, કાકડી અને *પ્રીમરોઝ*માં
(3) જાસુદ, બીન્સ અને *લ્યુપીન*માં
(4) ટામેટા, ડાયેન્થસ અને વટાણામાં

130 નીચેનાં વિધાનો ધ્યાનમાં લો.

A. મૃતભક્ષીઓ અવખંડન કરે છે.
B. સેન્દ્ર કેટલાક સૂક્ષ્મજીવો દ્વારા ફરીથી વિઘટન પામે છે જેને ખનીજીકરણ કહે છે.
C. જલ દ્રાવ્ય અકાર્બનિક પોષકો ભૂમિનાં સ્તરોમાં નીચે ઊતરતા જાય છે અને ઉપલબ્ધ ક્ષારો તરીકે અવક્ષેપિત થાય છે એ પ્રક્રિયાને લીચિંગ કહેવાય છે.
D. મૃત અવશેષીય આહાર શૃંખલા સજીવોથી શરૂ થાય છે.
E. અળસિયા મૃત અવશેષીય પદાર્થોને નાના-નાના કણોમાં તોડી નાખે છે જે પ્રક્રિયાને કેટાબોલિઝમ - અપપાચન કહેવાય છે.

સાચા વિધાનો કયા છે તે નીચે પૈકી વિકલ્પોમાંથી પસંદ કરો :

(1) માત્ર D, E, A
(2) માત્ર A, B, C
(3) માત્ર B, C, D
(4) માત્ર C, D, E

131 સુકોષકેંદ્રીઓમાં DNA સ્વયંજનન અહીં થાય છે -

(1) G_2 તબક્કો
(2) M તબક્કો
(3) S તબક્કો
(4) G_1 તબક્કો

132 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : અંતરારંભી અને બહિર્રારંભી એ નામાવલી વનસ્પતિ દેહમાં બહુધા દ્વિતીય જલવાહકના સ્થાનનું વર્ણન કરવામાં વપરાય છે.

વિધાન II : મૂળ તંત્રમાં બહિર્રારંભી સ્થિતિ એ સૌથી સામાન્ય લક્ષણ છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સાચા** જવાબવાળો વિકલ્પ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.
(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

133 પ્લીઓટ્રોપીઝમની ઘટના આને અનુલક્ષીને છે -

(1) 2થી વધુ જનીનો એક લક્ષણને અસર કરે.
(2) એક જનીનના ઘણા બધા કારકોની હાજરી એક સંકરણનું નિયંત્રણ કરે.
(3) બે જનીનો અને પ્રત્યેકના બે કારકોની હાજરી જે એક લક્ષણનું નિયંત્રણ કરે.
(4) એક જ જનીન ઘણી બધી સ્વરૂપલક્ષી અભિવ્યક્તિઓને અસર કરે.

134 નીચે પૈકી જોડીઓમાંથી વિષમબીજાણુક ત્રિઅંગીઓની જોડી ઓળખો :

(1) *ઈક્વિસેટમ* અને *સાલ્વીનીઆ*
(2) *લાયકોપોડીયમ* અને *સેલાજીનેલા*
(3) *સેલાજીનેલા* અને *સાલ્વીનીઆ*
(4) *સાયલોટમ* અને *સાલ્વીનીઆ*

135 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : માજીકાષ્ઠ (લેઈટ વુડ), પ્રમાણમાં ઓછા જલવાહક ઘટકો અને સાંકડી જલવાહિનીઓ ધરાવે છે.

કારણ R : શિયાળામાં એધા ઓછી સક્રિય હોય છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરો :

(1) **A** સાચું નથી પણ **R** સાચું છે.
(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.
(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.
(4) **A** સાચું છે પણ **R** સાચું નથી.

Beyond Limits

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

Botany : Section-B (Q. No. 136 to 150)

136 સાચાં વિધાનો ઓળખો :

11.6

A. વાતછિદ્રો એ બહિર્ગોળ આકારની ખુલ્લી રચનાઓ છે જેના દ્વારા વાયુઓની આપ-લે થાય છે.

B. જે છાલ ઋતુની શરૂઆતમાં નિર્માણ પામે તેને સખત છાલ કહેવાય.

C. છાલ-બાર્ક એ પ્રવિધિય શબ્દ (ટેક્નીકલ ટર્મ) છે જે પુલીય એધાની બહારની બધી જ પેશીઓ માટે વપરાય છે.

D. છાલ એટલે ત્વક્ષૈધા અને દ્વિતીય અન્નવાહક.

E. ત્વક્ષીય એધા, એ એક સ્તરીય જાડાઈ ધરાવે છે.

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) માત્ર B અને C

(2) માત્ર B, C અને E

(3) માત્ર A અને D

(4) માત્ર A, B અને D

137 સૂચી - I સાથે સૂચી - IIને જોડો :

11 10

સૂચી - I	સૂચી - II
A. M તબક્કો	I. પ્રોટીન્સનું સંશ્લેષણ
B. G_2 તબક્કો	II. નિષ્ક્રિય તબક્કો
C. વિરામી અવસ્થા	III. સમવિભાજન અને DNA સ્વયંજનન વચ્ચેનો મધ્યાંતર
D. G_1 અવસ્થા	IV. સમ વિભાજન

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) A-II, B-IV, C-I, D-III

(2) A-III, B-II, C-IV, D-I

(3) A-IV, B-II, C-I, D-III

(4) A-IV, B-I, C-II, D-III

138 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

11 3

કથન A : અનાવૃત્ત બીજધારીઓમાં પરાગરજો લઘુબીજાણુધાનીમાંથી મુક્ત થઈને હવાના વહેણથી ઉપાડાય છે.

કારણ R : હવાના વહેણ પરાગરજને અંડધાનીના મુખ સુધી લઈ જાય છે જ્યાં નરજન્યુઓ પરાગનલિકાના નિર્માણ વગર, સીધો છોડી દેવાય છે. (ડિસ્ચાર્જ)

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરો :

(1) A સાચું નથી પણ R સાચું છે.

(2) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી છે.

(3) બંને A અને R સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી નથી.

(4) A સાચું છે પણ R સાચું નથી.

139 સૂચી - I સાથે સૂચી - IIને જોડો :

11.12

સૂચી - I	સૂચી - II
A. આયર્ન	I. ઓક્ઝીનનું સંશ્લેષણ
B. ઝીંક	II. નાઈટ્રેટ રીડક્ટેઝનો ઘટક
C. બોરોન	III. કેટાલેઝને સક્રિય કરે
D. મોલીબ્ડેનમ	IV. કોષ વિસ્તરણ અને વિભેદન

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) A-II, B-IV, C-I, D-III

(2) A-III, B-II, C-I, D-IV

(3) A-II, B-III, C-IV, D-I

(4) A-III, B-I, C-IV, D-II

Beyond Limits

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

140 નીચે પૈકી કઈ જોડ રસાસૃતિ માટે જરૂરી છે?

11.13

(1) પ્રોટોન પંપ, ઈલેક્ટ્રોન ઢોળાંશ, NADP સીંથેઝ

(2) પટલ, પ્રોટોન પંપ, પ્રોટોન ઢોળાંશ, ATP સીંથેઝ

(3) પટલ, પ્રોટોન પંપ, પ્રોટોન ઢોળાંશ, NADP સીંથેઝ

(4) પ્રોટોન પંપ, ઈલેક્ટ્રોન ઢોળાંશ, ATP સીંથેઝ

141 પુનઃસંયોજિત DNA નિર્માણનાં મુખ્ય ચરણ નીચે આપેલ છે. આ પગલાંઓને સાચા ક્રમમાં ગોઠવો :

12.11

A. પુનઃસંયોજિત DNAનો યજમાન કોષમાં પ્રવેશ.

B. રીસ્ટ્રીક્શન ઉત્સેચકથી, ચોક્કસ જગ્યાએથી DNAની કાપણી.

C. રુચિ પ્રમાણેના DNA ટુકડાનું અલગીકરણ.

D. PCRના ઉપયોગથી રુચિ પ્રમાણેના જનીનનું પ્રવર્ધન.

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) B, D, A, C (2) B, C, D, A

(3) C, A, B, D (4) C, B, D, A

142 નીચે પૈકી કયું વિધાન સાચું નથી?

12 16

(1) ઔદ્યોગિક વેસ્ટ પાણીમાં રહેલી કેટલાક ઝેરી પદાર્થોની માત્રા, ક્રમિક પોષક સ્તરોએ સજીવોની સંખ્યા વધારે છે.

માં

(2) વાહિતમળથી પ્રદૂષિત થયેલ જળાશયમાં કાર્બનિક પદાર્થોનું વિઘટન કરતા સૂક્ષ્મજીવાણુઓ ઘણો બધો ઑક્સિજન વાપરી નાખે છે જેને લીધે જલજ સજીવોનું મૃત્યુ થાય છે.

(3) લીલ પ્રસ્ફુટન (આલ્ગલ બ્લુમ્સ), જે જળાશયોમાં વધુ પડતાં કાર્બનિક પદાર્થોને લીધે થાય છે, તે પાણીની ગુણવત્તા સુધારે છે.

(4) જળકુંભી (વોટર હાયસીન્થ), સુપોષકતાકરણયુક્ત જળાશયોમાં અતિશય સંખ્યામાં ઊગે છે, જેને લીધે જળાશય નિવસનતંત્રની ગતિવિધિ (ડાયનેમિક્સ) અસમતોલ બને છે.

143 ક્લાઈનફેલ્ટર્સ સીન્ડ્રોમને અનુલક્ષીને નીચે પૈકીનાં કયા વિધાન સાચાં છે?

12 5

A. આ અનિયમિતતા સૌપ્રથમ વાર લેન્ગડન ડાઉને વર્ણવી હતી (1866).

B. આવી વ્યક્તિ સંપૂર્ણ રીતે પુરુષ હોય છે પરંતુ માદાના લક્ષણો પણ અભિવ્યક્ત થાય છે.

C. અસરગ્રસ્ત વ્યક્તિ ટૂંકા કદની હોય છે.

D. શારીરિક, માનસિક મંદતા (સાયકોમોટર) અને માનસિક વિકાસ રૂંધાયેલો હોય છે.

E. આવી વ્યક્તિઓ વંધ્ય હોય છે.

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) માત્ર A અને E (2) માત્ર A અને B

(3) માત્ર C અને D (4) માત્ર B અને E

144 સૂચી - I સાથે સૂચી - IIને જોડો :

12 13

સૂચી - I (આંતરક્રિયા)		સૂચી - II (A અને B જાતિ)	
A.	સહોપકારિતા	I.	+(A), O(B)
B.	સહભોજિતા	II.	–(A), O(B)
C.	પ્રતિજીવન	III.	+(A), –(B)
D.	પરોપજીવન	IV.	+(A), +(B)

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) A-III, B-I, C-IV, D-II

(2) A-IV, B-II, C-I, D-III

(3) A-IV, B-I, C-II, D-III

(4) A-IV, B-III, C-I, D-II

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

Beyond Limits NEET Academy

Branch : Aaimata Road | Simada(Sarthana) | Katargam ☎ 6356562626 | 6356569626 - SURAT

સમગ્ર સુરતમાં નંબર 1 RE-NEET સેન્ટર

RE-NEET 2024 Result માર્કસનો વધારો

નામ	NEET 2023	NEET 2024	વધારો (માર્કસ)
માડળીયા ખુશી	89	541	452
કણઝારીયા હર્ષ	319	642	323
નસીત આરવ	318	640	322
ઝુંઝાળા યુવરાજ	290	600	310
ચાવડા હસ્તી	336	645	309
ઉબારકર સ્વાતી	213	503	290
વાળા નીખીલ	251	536	285
કલસરીયા મીત	252	529	277
હડીયા સિધ્ધાર્થ	220	494	274
લાડુમોર રાહુલ	244	515	271
ચૌહાણ ઉર્વી	185	451	266
દિયોરા નિસર્ગ	310	575	265
હિરપરા સ્નેહા	417	677	260
વાડદોરીયા મહેક	382	641	259
બલદાણીયા પ્રતિક	278	536	258
ઝુંઝાળા નિર્મળ	366	620	254
ઢોલા રોશન	333	584	251
હડીયા હાર્દિક	240	488	248
દવે નિકીતા	317	564	247
દેસાઈ હિમાંશુ	257	504	247
સીસારા રાહુલ	399	636	237
ડાવરા મીત	369	605	236
માયાવંશી રજનીશ	323	559	236
કલસરીયા ગૌરવ	312	542	230
કાકડીયા કિશા	374	603	229
પાગડા ધારા	299	521	222
વસોયા નિર્જરા	346	566	220
હડિયા નીરાલી	375	593	218
મકવાણા બંસી	347	565	218
ડાંગોદરા મોહિત	380	597	217
લાડુમોર ઉદય	383	599	216
પરમાર કૃપાલી	204	420	216
રૂપારેલીયા મીત	258	471	213
ગોરફાડ મૌસમ	173	385	212
ભીંભા જય	372	583	211
મકવાણા જેનીશા	180	390	210
જાલોંધરા મયુર	255	460	205
રાઠોડ ભરતસિંહ	275	479	204
લાડુમોર સૃષ્ટિ	151	354	203
કાતરીયા વિવેક	436	638	202
શિયાળ પીયુષ	329	529	200

Congratulations

Think RENEET
Think Beyond Limits

ABOVE 600 + **33** | ABOVE 550 + **61** | ABOVE 500+ **83**

ADMISSION OPEN RE-NEET BATCH 2025

Scanned with OKEN Scanner

145 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : પુષ્પની પરિભાષા છે - રૂપાંતરિત પ્રકાંડ જેમાં પ્રરોહ-અગ્રીય વર્ધનશીલ પ્રદેશ પુષ્પીય વર્ધનશીલ પ્રદેશમાં રૂપાંતરણ પામે છે.

કારણ R : પ્રકાંડની આંતરગાંઠ સંકુચિત બને છે અને ક્રમિક ગાંઠ પરથી પર્ણોના બદલે પાર્શ્વીય રીતે પુષ્પીય બહિરુદભેદોના વિવિધ પ્રકારો ઉદ્ભવે છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, **સૌથી યોગ્ય** વિકલ્પ પસંદ કરો :

(1) **A** સાચું નથી પણ **R** સાચું છે.

(2) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.

(3) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી નથી.

(4) **A** સાચું છે પણ **R** સાચું નથી.

146 રીબોઝોમ જુદા-જુદા કેટલા પ્રોટીન્સ ધરાવે છે?

(1) 20 (2) 80

(3) 60 (4) 40

147 **સૂચી - I** સાથે **સૂચી - II**ને જોડો :

	સૂચી - I		**સૂચી - II**
A.	અભિલગ્નતા	I.	પ્રવાહી અવસ્થામાં વધુ આકર્ષણ
B.	સંલગ્નતા	II.	જળ અણુઓ વચ્ચે અન્યોન્ય આકર્ષણ
C.	પૃષ્ઠતાણ	III.	પ્રવાહી અવસ્થામાં પાણીનો વ્યય (લોસ)
D.	બિંદુસ્વેદન	IV.	ધ્રુવીય સપાટી તરફ આકર્ષણ

સાચો વિકલ્પ પસંદ કરો :

(1) A-II, B-I, C-IV, D-III

(2) A-II, B-IV, C-I, D-III

(3) A-IV, B-III, C-II, D-I

(4) A-III, B-I, C-IV, D-II

148 **સૂચી - I** સાથે **સૂચી - II**ને જોડો :

	સૂચી - I		**સૂચી - II**
A.	ઑક્સિડેટીવ ડીકાર્બોક્સીલેશન	I.	સીટ્રેટ સીંથેઝ
B.	ગ્લાયકોલીસીસ	II.	પાયરૂવેટ ડિહાયડ્રોજીનેઝ
C.	ઑક્સિડેટીવ ફોસ્ફો--રાયલેશન	III.	ઈલેક્ટ્રોન પરિવહન તંત્ર
D.	ટ્રાઈકાર્બોક્સીલીક ઍસિડ ચક્ર	IV.	EMP પરિપથ

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) A-II, B-IV, C-III, D-I

(2) A-III, B-IV, C-II, D-I

(3) A-II, B-IV, C-I, D-III

(4) A-III, B-I, C-II, D-IV

149 મેલોનેટ, રોગકારક બેક્ટેરીઆની વૃદ્ધિ ઘટાડે છે - તે આની પ્રક્રિયા ઘટાડીને -

(1) ડીનાઈટ્રોજીનેઝ

(2) સક્સીનીક ડીહાઈડ્રોજીનેઝ

(3) એમાયલેઝ

(4) લાઈપેઝ

150 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : ગોસનો 'સ્પર્ધક નિષેધ નિયમ' જણાવે છે કે, એક જ પ્રકારના સ્રોતો માટે, બે નજીકની સંબંધિત જાતિઓ અનંતકાળ સુધી સહઅસ્તિત્વ ધરાવતી નથી અને અંતે સ્પર્ધાકીય રીતે નિમ્ન જાતિ વિલુપ્ત થઈ જાય છે.

વિધાન II : સામાન્ય રીતે માંસાહારીઓ, તૃણાહારીઓ કરતા, સ્પર્ધાથી વધુ અસર પામે છે.

ઉપરનાં વિધાનોના પ્રકાશમાં, સાચા જવાબવાળો વિકલ્પ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) બંને **વિધાન I** અને **વિધાન II** સાચાં છે.

(3) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

151 યાદી - Iને યાદી - II સાથે જોડો :

	યાદી - I		યાદી - II
A.	જનીન 'a'	I.	β-ગેલેક્ટોસાઈડેઝ
B.	જનીન 'y'	II.	ટ્રાન્સ એસિટાઈલેઝ
C.	જનીન 'i'	III.	પરમીએઝ
D.	જનીન 'z'	IV.	રીપ્રેસર પ્રોટીન

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-III, B-I, C-IV, D-II

(2) A-II, B-I, C-IV, D-III

(3) A-II, B-III, C-IV, D-I

(4) A-III, B-IV, C-I, D-II

152 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : અસ્થિબંધો એ સઘન અનિયમિત પેશી છે.

વિધાન II : કાસ્થિ એ સઘન નિયમિત પેશી છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.

(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

153 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : લિંગ નિશ્ચયન માટેની ઉલ્વજળ કસોટી એ પ્રાજનનિક અને બાળ સ્વાસ્થ્ય સંભાળ કાર્યક્રમ માટેની એક વ્યૂહરચના છે.

કારણ R : ઉલ્વજળ કસોટી ઉપરનો પ્રતિબંધ સ્ત્રીભ્રૂણ હત્યા જેવી ગંભીર ઘટનાને રોકે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.

(2) **A** અને **R** બંને સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.

(3) **A** અને **R** બંને સાચાં છે પરંતુ **R** એ **A**ની સાચી સમજૂતી નથી.

(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

154 યાદી - Iને યાદી - II સાથે જોડો :

	યાદી - I (સાંધાનો પ્રકાર)		યાદી - II (ની વચ્ચે જોવા મળે છે)
A.	કાસ્થિમય સાંધો	I.	ખોપડીના ચપટા હાડકાની વચ્ચે
B.	કંદુક-ઉલૂખલ સાંધો	II.	કરોડ સ્તંભમાંની કશેરૂકાઓની વચ્ચે
C.	તંતુમય સાંધો	III.	અંગૂઠાના મણિબંધાસ્થી અને પશ્ચ-મણિબંધાસ્થિની વચ્ચે
D.	વળી શકે તેવો સાંધો	IV.	ભૂજાસ્થિ અને સ્કંધ મેખલાની વચ્ચે

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-II, B-IV, C-III, D-I

(2) A-III, B-I, C-II, D-IV

(3) A-II, B-IV, C-I, D-III

(4) A-I, B-IV, C-III, D-II

155 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : શુક્રવાહિની શુક્રાશયમાંથી નલિકા મેળવે છે અને સ્ખલન નલિકા સ્વરૂપે મૂત્રમાર્ગમાં ખૂલે છે.

વિધાન II : ગ્રીવાની ગુહાને ગ્રીવાનલિકા કહે છે જે યોનિમાર્ગ સાથે મળીને પ્રસવમાર્ગની રચના કરે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.

(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

156 નીચેનામાંથી કઈ પદ્ધતિ રોગનું વહેલા નિદાન અને વહેલી સારવાર માટેનો હેતુ સિદ્ધ કરતી નથી?

(1) એન્ઝાઈમ લિંક્ડ ઈમ્યુનો-સોરબંટ એસે (ELISA) પદ્ધતિ

(2) રિકોમ્બીનેન્ટ DNA ટેક્નોલૉજી

(3) સીરમ અને મૂત્રનું પૃથક્કરણ

(4) પોલીમરેઝ ચેઈન રીએક્શન પદ્ધતિ (PCR પદ્ધતિ)

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

157 નીચેનામાંથી કયો સામાન્ય જાતીય સંક્રમિત રોગ જ્યારે વહેલો નિદાન થાય અને સંપૂર્ણ સારવાર મળે તો તેનો સંપૂર્ણ રીતે ઈલાજ શક્ય છે?

(1) HIVનો ચેપ (2) જેનાઈટલ હર્પિસ

(3) ગોનોરિયા (4) હીપેટાઈટીસ-B

158 નીચેનામાંથી કયો ક્લોનિંગ માટેનો વાહક નથી?

(1) Probe (2) BAC

(3) YAC (4) pBR322

159 યાદી - Iને યાદી - II સાથે જોડો :

યાદી - I		યાદી - II	
A.	CCK	I.	મૂત્રપિંડ
B.	GIP	II.	હૃદય
C.	ANF	III.	જઠરીય ગ્રંથિ
D.	ADH	IV.	સ્વાદુપિંડ

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો :

(1) A-IV, B-II, C-III, D-I

(2) A-IV, B-III, C-II, D-I

(3) A-III, B-II, C-IV, D-I

(4) A-II, B-IV, C-I, D-III

160 નીચેનામાંથી શેનો સમાવેશ અંતઃપટલમય તંત્રના ભાગ તરીકે થતો નથી?

A. કણાભસૂત્ર B. અંતઃકોષરસ જાળ

C. નિલકણો D. ગોલ્ગીકાય

E. પેરોક્સીઝોમ

નીચે આપેલા વિકલ્પોમાંથી સૌથી યોગ્ય જવાબ પસંદ કરો :

(1) ફક્ત A, D અને E

(2) ફક્ત B અને D

(3) ફક્ત A, C અને E

(4) ફક્ત A અને D

161 સૂચી - I સાથે સૂચી - IIને જોડો :

સૂચી - I		સૂચી - II	
A.	પટ્ટીકીડો	I.	ઉત્સર્ગીકાઓ
B.	પેરામેશિયમ	II.	આકુંચક રસધાની
C.	વંદો	III.	જ્યોત કોષો
D.	અળસિયું	IV.	યુરીકોઝ ગ્રંથિ

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો :

(1) A-II, B-I, C-IV, D-III

(2) A-I, B-II, C-III, D-IV

(3) A-I, B-II, C-IV, D-III

(4) A-III, B-II, C-IV, D-I

162 જ્યારે અપાચિત અને શોષાયેલ ન હોય તેવા પદાર્થો અંધાંત્રમાં પ્રવેશે છે ત્યારે, તેની પાછલી દિશામાં થતી ગતિને શેના દ્વારા રોકવામાં આવે છે?

(1) પાયલોરિક મુદ્રિકા સ્નાયુ

(2) ઓડીના મુદ્રિકા સ્નાયુ

(3) શેષાંત્ર-અંધાંત્ર વાલ્વ

(4) જઠર-અન્નનાલીય મુદ્રિકા સ્નાયુ

163 યાદી - Iને યાદી - II સાથે માણસની આંખના અનુસંધાનમાં જોડો :

યાદી - I		યાદી - II	
A.	ગર્ત	I.	આંખનો દેખીતો રંગીન ભાગ કે જે કીકીનો વ્યાસ નક્કી કરે છે.
B.	કનીનિકા	II.	સઘન સંયોજક પેશીનું બનેલું આંખનું બહારનું સ્તર
C.	અંધ બિંદુ	III.	મહત્તમ દૃષ્ટિ તીવ્રતાનું બિંદુ
D.	શ્વેતપટલ	IV.	બિંદુ કે જ્યાંથી દૃષ્ટિચેતા આંખના ડોળામાંથી બહાર નીકળે છે અને પ્રકાશગ્રાહી કોષો ગેરહાજર હોય છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો :

(1) A-II, B-I, C-III, D-IV

(2) A-III, B-I, C-IV, D-II

(3) A-IV, B-III, C-II, D-I

(4) A-I, B-IV, C-III, D-II

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

164 યાદી - I ને યાદી - II સાથે જોડો :

12.13

યાદી - I (આંતરક્રિયા કરતી જાતિ)	યાદી - II (આંતરક્રિયાનું નામ)
A. જંગલ / ઘાસનાં મેદાનોમાં દીપડો અને સિંહ	I. સ્પર્ધા
B. કોયલ તેના ઈંડાં કાગડાના માળામાં મૂકે છે	II. અંડ પરોપજીવન
C. માઈકોરાઈઝામાં ફુગ અને ઉચ્ચ વનસ્પતિના મૂળ	III. સહોપકારિતા
D. ખેતરમાં ઢોર અને ઢોર બગલો	IV. સહભોજિતા

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-II, B-III, C-I, D-IV

(2) A-I, B-II, C-III, D-IV

(3) A-I, B-II, C-IV, D-III

(4) A-III, B-IV, C-I, D-II

165 માઘના પ્રજનનચક્રને અનુસંધાને નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

12 1

A. બિનપ્રાઈમેટ સસ્તનોમાં પ્રજનન દરમિયાન થતા ચક્રીય ફેરફારોને ઈસ્ટ્રસ ચક્ર કહે છે.

B. યૌવનારંભ વખતે શરૂ થતા પ્રથમ માસિક ચક્રને મેનોપોઝ કહે છે.

C. ઋતુચક્રનો અભાવ ગર્ભધારણ હોવાનું સૂચન કરે છે.

D. ચક્રીય ઋતુચક્ર મીનાર્ક અને મેનોપોઝની વચ્ચે જોવા મળે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી યોગ્ય** જવાબ પસંદ કરો:

(1) ફક્ત A, C અને D

(2) ફક્ત A અને D

(3) ફક્ત A અને B

(4) ફક્ત A, B અને C

166 નીચે બે વિધાનો આપેલાં છે.

11 9

વિધાન I : નીચું તાપમાન ઉત્સેચકોને અસ્થાયી રીતે નિષ્ક્રિય કરી તેને સાચવે છે જ્યારે ઊંચા તાપમાને ઉત્સેચકીય પ્રક્રિયાઓ નાશ પામે છે કારણ કે ગરમીથી પ્રોટીનનું વિનગલીકરણ થાય છે.

વિધાન II : જ્યારે અવરોધક અને પ્રક્રિયકની આણ્વીય રચના લગભગ મળતી આવતી હોય ત્યારે તે ઉત્સેચકની પ્રક્રિયાને અવરોધે છે ~~આ ઘટનાને~~ તેને પ્રતિસ્પર્ધી અવરોધક કહે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.

(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.

(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.

(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

167 કયા સમુદાયનાં પુખ્ત પ્રાણીઓમાં અરીય સમમિત જોવા મળતી નથી?

11 4

(1) શૂળત્વચી (2) કંકતધરા

(3) સામીમેરુદંડી (4) કોષ્ઠાંત્રી

168 યાદી - I સાથે યાદી - II ને જોડો :

12 4

યાદી - I	યાદી - II
A. પુરુષ નસબંધી	I. મુખ પદ્ધતિ
B. સંવનન અંતરાલ	II. અવરોધક પદ્ધતિ
C. ગ્રીવા ટોપી	III. વાઢકાપ પદ્ધતિ
D. સહેલી	IV. પ્રાકૃતિક પદ્ધતિ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-IV, B-II, C-I, D-III

(2) A-III, B-I, C-IV, D-II

(3) A-III, B-IV, C-II, D-I

(4) A-II, B-III, C-I, D-IV

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

169 યાદી - Iને યાદી - II સાથે જોડો :
11 16

યાદી - I (કોષો)	યાદી - II (સ્રાવ)
A. પેપ્ટીક કોષો	I. શ્લેષ્મ
B. ગોબ્લેટ કોષો	II. પિત્ત રસ
C. ઓક્ઝેન્ટીક કોષો	III. પ્રો-ઉત્સેચક પેપ્સીનોજન
D. યકૃત કોષો	IV. વિટામિન B_{12}ના શોષણ માટે HCl અને અંતર્ગત કારક

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-II, B-IV, C-I, D-III
(2) A-IV, B-III, C-II, D-I
(3) A-II, B-I, C-III, D-IV
(4) A-III, B-I, C-IV, D-II

170 કયા રુધિરકોષમાં HIVનું પ્રત્યાંકન થાય છે અને વાયરસની સંતતિ ઉત્પન્ન કરે છે?
12 8

(1) ઈઓસિનોફિલ્સ (2) T_H કોષો
(3) B-લિમ્ફોસાઈટ (4) બેઝોફિલ્સ

171 ફેફસાની વાઈટલ કેપેસિટી એટલે ______.
11 17

(1) IRV + ERV + TV
(2) IRV + ERV
(3) IRV + ERV + TV + RV
(4) IRV + ERV + TV – RV

172 નીચે બે વિધાનો આપેલાં છે.
11 9

વિધાન I : પ્રોટીનની એક રેખા તરીકે કલ્પના કરવામાં આવે, તેમાં ડાબો છેડો પ્રથમ એમિનો ઍસિડ (C-છેડા) થી દર્શાવવામાં આવે અને જમણો છેડો છેલ્લા એમીનો ઍસિડ (N-છેડા) તરીકે દર્શાવવામાં આવે છે.

વિધાન II : પુખ્ત માણસનું હિમોગ્લોબીન 4 પેટા એકમો (બે પેટા એકમ α-પ્રકારના અને બે પેટા એકમ β-પ્રકારના) ધરાવે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.
(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

173 નીચે બે વિધાનો આપેલ છે જેમાં એકને **કથન A** અને બીજાને **કારણ R** તરીકે દર્શાવેલ છે.
12.3

કથન A : ગર્ભકોષ્ઠ કોથળીના ગર્ભસ્થાપન માટે એન્ડોમેટ્રીયમ જરૂરી છે.

કારણ R : ફલનક્રિયા ન થવાને લીધે કોર્પસ લ્યુટીયમ નાશ પામે છે, જેના કારણે એન્ડોમેટ્રીયમ તૂટે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પરંતુ **R** સાચું છે.
(2) **A** અને **R** બંને સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.
(3) **A** અને **R** બંને સાચાં છે પરંતુ **R** એ **A**ની સાચી સમજૂતી નથી.
(4) **A** સાચું છે પરંતુ **R** ખોટું છે.

174 અનુકૂલિત પ્રસરણ પ્રદર્શિત કરતા ઓસ્ટ્રેલિયન માર્સુપિયલ્સનું સાચું જૂથ પસંદ કરો :
12.7

(1) લેમુર, કીડીખાઉ, વરૂ
(2) ટાસ્માનીયાના વરૂ, બોબકેટ, માર્સુપિયલ છછૂંદર
(3) નુમ્બટ, ટપકાવાળું કસ્કસ, ઊડતી ફેલેન્જર
(4) છછૂંદર, ઊડતી ખીસકોલી, ટાસ્માનીયાઈ ટાઈગર કેટ

175 યાદી - Iને યાદી - II સાથે જોડો :
12.8

યાદી - I	યાદી - II
A. હેરોઈન	I. રુધિર પરિવહન તંત્ર પર અસર
B. મેરીજુઆના	II. શારીરિક કાર્યોનું મંદ પડવું
C. કોકેઈન	III. પીડાનાશક
D. મોર્ફિન	IV. ડોપામાઈનના વહનમાં ખલેલ પહોંચાડે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-III, B-IV, C-I, D-II
(2) A-II, B-I, C-IV, D-III
(3) A-I, B-II, C-III, D-IV
(4) A-IV, B-III, C-II, D-I

Beyond Limits
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

176 યાદી - Iને યાદી - II સાથે જોડો :

યાદી - I	યાદી - II
A. રીંગવોર્મ	I. હિમોફિલીસ ઈન્ફ્યુએન્જાઈ
B. હાથીપગો	II. ટ્રાઈકોફાયટોન
C. મેલેરિયા	III. વુચેરેરીયા બાનક્રોફટાઈ
D. ન્યુમોનિયા	IV. પ્લાઝમોડિયમ વાઈવેક્સ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-III, B-II, C-IV, D-I
(2) A-II, B-III, C-IV, D-I
(3) A-II, B-III, C-I, D-IV
(4) A-III, B-II, C-I, D-IV

177 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : તાપ વિદ્યુતકીય એકમમાં સ્થિરવિદ્યુત અવક્ષેપકનો ઉપયોગ ખૂબ જ બહોળા પ્રમાણમાં થાય છે.

વિધાન II : તાપ વિદ્યુતકીય એકમમાં સ્થિરવિદ્યુત અવક્ષેપક આયનિક કિરણોને દૂર કરે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.
(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

178 નીચે બે વિધાનો આપેલાં છે એકને **કથન A** વડે લેબલ કરેલ છે અને બીજાને **કારણ R** વડે લેબલ કરેલ છે.

કથન A : ઉત્સર્ગ એકમ તેમની બાહ્યક અને મજ્જકમાં સ્થાનના આધારે બે પ્રકારના હોય છે : બાહ્યક ઉત્સર્ગ એકમ અને જક્સ્ટા મજ્જક.

કારણ R : જક્સ્ટા મજ્જક ઉત્સર્ગ એકમમાં હેન્લેનો પાશ ટૂંકો હોય છે જ્યારે બાહ્યક ઉત્સર્ગ એકમમાં હેન્લેનો પાશ લાંબો હોય છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **A** ખોટું છે પણ **R** સાચું છે.
(2) **A** અને **R** બંને સાચાં છે અને **R** એ **A**ની સાચી સમજૂતી છે.
(3) **A** અને **R** બંને સાચાં છે પરંતુ **R** એ **A**ની સાચી સમજૂતી નથી.
(4) **A** સાચું છે પણ **R** ખોટું છે.

179 નીચેનામાંથી કયું કાર્ય કોષના કોષકંકાલ દ્વારા કરવામાં આવે છે?

(1) વહન
(2) કોષકેન્દ્ર વિભાજન
(3) પ્રોટીન સંશ્લેષણ
(4) ચલિતતા

180 પહોળી હથેળી અને તેમાં ગડી હોય તેવું લક્ષણ ક્યા રોગવાળી વ્યક્તિમાં જોવા મળે છે?

(1) થેલેસેમીયા
(2) ડાઉન્સ સિન્ડ્રોમ
(3) ટર્નર્સ સિન્ડ્રોમ
(4) ક્લાઈનફેલ્ટર્સ સિન્ડ્રોમ

181 નીચે બે વિધાનો આપેલાં છે.

વિધાન I : પ્રોકેરીયોટીક સજીવોમાં ન્યુક્લીઓઈડ તરીકે ઓળખાતા ભાગમાં ધન વીજભારિત DNAને કેટલાક ઋણ વીજભારિત પ્રોટીન્સ પકડી રાખે છે.

વિધાન II : યુકેરીયોટીક સજીવોમાં ઋણ વીજભારિત DNA ધન વીજભારિત હિસ્ટોન ઓક્ટામરની આસપાસ વિંટળાઈને ન્યુક્લિઓઝોમની રચના કરે છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.
(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

Scanned with CamScanner

Scanned with OKEN Scanner

Zoology : Section-B (Q. No. 186 to 200)

182 **યાદી - I**ને **યાદી - II** સાથે જોડો :
11 18

યાદી - I	**યાદી - II**
A. P - તરંગ	I. સંકોચનનો પ્રારંભ
B. Q - તરંગ	II. ક્ષેપકોનું પુનઃધ્રુવીકરણ
C. QRS સંકુલ	III. કર્ણકોનું વિધ્રુવીકરણ
D. T - તરંગ	IV. ક્ષેપકોનું વિધ્રુવીકરણ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-I, B-II, C-III, D-IV
(2) A-III, B-I, C-IV, D-II
(3) A-IV, B-III, C-II, D-I
(4) A-II, B-IV, C-I, D-III

183 નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
12 16

(1) લીલ પ્રસ્ફુટન મત્સ્યોના મૃત્યુદરમાં ઘટાડો કરે છે.
(2) ઘરેલુ કચરો અને નકામું પાણી સરોવરમાં જવાથી સુપોષકતાકરણમાં વધારો થાય છે.
(3) ક્રમિક પોષક સ્તરમાં ઝેરી પદાર્થોની સાંદ્રતામાં થતા વધારાને જૈવિક વિશાલન કહે છે.
(4) પાણીમાં ખૂબ જ મોટા પ્રમાણમાં પોષક તત્ત્વોની હાજરી લીલ પ્રસ્ફુટનને અવરોધે છે.

RNA જનીનદ્રવ્ય અને ટૂંકો જીવનકાળ ધરાવતા વાઈરસ ઝડપથી વિકૃતિ અને ઉત્ક્રાંતિ પામે છે

184 નીચે બે વિધાનો આપેલાં છે.
12 6

વિધાન I : RNA ઝડપથી વિકૃતિ પામે છે.

વિધાન II : વાઈરસમાં જનીન દ્રવ્ય તરીકે RNA હોય છે અને ટૂંકો જીવનકાળ હોય છે અને ઝડપથી ઉત્ક્રાંતિ પામે છે. (RNA અને ટુંકો જીવનકાળ ધરાવતાં વાઈરસમાં)

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.
(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

185 માનવ વંશાવળી પૃથક્કરણમાં નીચેનામાંથી કયું ચિહ્ન સંબંધીઓ વચ્ચે પ્રજનન દર્શાવે છે.
12.5

(1) 

(2)

(3) 

(4) 

186 માનવ મગજના ભાગો કે જે જાતીય વર્તણૂક, ઉત્તેજનાનું પ્રદર્શન, આનંદની લાગણી, ગુસ્સો અને ડર જેવી ક્રિયાઓના નિયંત્રણમાં મદદ કરે છે તે ________ છે.
11 21

(1) કેલોસમ કાય અને થેલેમસ
(2) લિમ્બીક સિસ્ટમ અને હાયપોથેલેમસ
(3) ચતુષ્કીય ખંડો અને હીપોકેમ્પસ
(4) મસ્તિષ્ક સ્તંભ અને એપીથેલેમસ

187 **યાદી - I**ને **યાદી - II** સાથે જોડો :
12.13

યાદી - I	**યાદી - II**
A. સંભાવ્ય વૃદ્ધિ	I. અમર્યાદિત સ્રોત પ્રાપ્યતાની સ્થિતિ
B. ચરઘાતાંકીય વૃદ્ધિ	II. મર્યાદિત સ્રોત પ્રાપ્યતાની સ્થિતિ
C. વિસ્તારિત વયના પિરામિડ	III. પ્રજનન વય અને પ્રજનન વય પછીની ઉંમર જૂથના સજીવો કરતાં પ્રજનનવય પહેલાના સજીવોની ટકાવારી વધારે હોય છે.
D. સ્થાયી વય પિરામિડ	IV. પ્રજનન વય પહેલાના સજીવોની ટકાવારી અને પ્રજનન વય જૂથના વ્યક્તિઓની ટકાવારી સરખી હોય છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) A-II, B-IV, C-III, D-I
(2) A-II, B-I, C-III, D-IV
(3) A-II, B-III, C-I, D-IV
(4) A-II, B-IV, C-I, D-III

188 નીચેનામાંથી કયા વિધાનો સાચાં છે?
11 19

A. શરીરમાંથી વધુ પડતા દેહજળનો નિકાલ થવાથી અભિસરણ (આસૃતિ) ગ્રાહીઓ બંધ થઈ જાય છે.
B. ADH પાણીના પુનઃશોષણમાં સહાયભૂત બની મૂત્રવૃદ્ધિ અટકાવે છે.
C. ANFને કારણે રુધિરવાહિની વિસ્તરણ થાય છે.
D. ADHના લીધે રુધિરદાબમાં વધારો થાય છે.
E. GFRમાં થતા ઘટાડા માટે ADH જવાબદાર છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત C, D અને E
(2) ફક્ત A અને B
(3) ફક્ત B, C અને D
(4) ફક્ત A, B અને E

BEYOND LIMITS
Scanned with CamScanner
Scanned with OKEN Scanner

189 પૃષ્ઠવંશીઓના અનુસંધાનમાં સાચું વિધાન પસંદ કરો :
11.4
A. મધ્ય પૃષ્ઠ ભાગે સખત અને બેવડું ચેતારજ્જુ હાજર
B. બંધ પ્રકારના રુધિરાભિસરણ તંત્રની હાજરી
C. જોડમાં આવેલ કંઠનાલીય ઝાલરફાટોની હાજરી
D. પૃષ્ઠભાગે હૃદયની હાજરી
E. ત્રિગર્ભસ્તરીય, કુટદેહકોષ્ઠધારી પ્રાણીઓ.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત C, D અને E
(2) ફક્ત A, C અને D
(3) ફક્ત B અને C
(4) ફક્ત B, D અને E

190 વંદામાં લિંગભેદને અનુલક્ષીને નીચેનામાંથી કયું તેનું લાક્ષણિક લક્ષણ છે?
11 7
(1) પુચ્છ શૂળની હાજરી
(2) ઘેરો કથ્થાઈ શરીરનો રંગ અને પુચ્છ શૂળ
(3) પુચ્છ કંટિકાની હાજરી
(4) દઢકોની હાજરી

191 નીચે બે વિધાનો આપેલાં છે.
11 10
વિધાન I : કોષચક્રની G_0 અવસ્થામાં કોષ ચયાપચયિક રીતે નિષ્ક્રિય હોય છે.

વિધાન II : આંતર અવસ્થાના S તબક્કામાં તારાકેન્દ્રનું દ્વિગુણન થાય છે.

ઉપરોક્ત વિધાનોના અનુસંધાને નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) **વિધાન I** ખોટું છે પરંતુ **વિધાન II** સાચું છે.
(2) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.
(3) **વિધાન I** અને **વિધાન II** બંને ખોટાં છે.
(4) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટું છે.

192 નીચેનામાંથી કયા થાયરોઈડ અંતઃસ્રાવના નિયંત્રણમાં નથી?
11 22
A. પાણી અને ઈલેક્ટ્રોલાઈટ્સનું સંતુલન જાળવવું.
B. તલીય ચયાપચયિક દરનું નિયમન
C. ઊંઘવા અને જાગવાના ચક્રનો સામાન્ય લય
D. રોગપ્રતિકારક તંત્રનો વિકાસ
E. R.B.Csના નિર્માણની ક્રિયાને ટેકો આપે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત D અને E
(2) ફક્ત A અને D
(3) ફક્ત B અને C
(4) ફક્ત C અને D

193 જો mRNAની હરોળ નીચે પ્રમાણેની હોય તો, નીચે જણાવેલ કઈ શૃંખલા સાંકેતિક શૃંખલામાં બંધબેસતી શૃંખલા હશે?
12 6
5' AUCGAUCGAUCGAUCGAUCG AUCG AUCG 3'?

(1) 3' ATCGATCGATCGATCGATCG ATCGATCG 5'
(2) 5' UAGCUAGCUAGCUAGCUA GCUAGC UAGC 3'
(3) 3' UAGCUAGCUAGCUAGCUA GCUAGCUAGC 5'
(4) 5' ATCGATCGATCGATCGATCG ATCGATCG 3'

194 સસ્તનનાં ખાસ લક્ષણો કયા છે?
11.4
(1) એક કંદુકીય ખોપરી, કર્ણપલ્લવ અને સ્તનગ્રંથિ
(2) વાળ, કર્ણપટલ અને સ્તનગ્રંથિ
(3) વાળ, કર્ણપલ્લવ અને સ્તનગ્રંથિ
(4) વાળ, કર્ણપલ્લવ અને પરોક્ષ વિકાસ

195 નીચેનામાંથી કયો અંતઃસંવર્ધનનો ફાયદો નથી?
12.9
(1) સતત સંવર્ધન પછી તે અંતઃપ્રજનન કરતી વસ્તીમાં ઉત્પાદકતામાં ઘટાડો કરે છે.
(2) તે સમયુગ્મતામાં ઘટાડો કરે છે.
(3) પસંદગી દ્વારા દૂર કરાયેલા નુકસાન કારક પ્રચ્છન્ન જનીનોને ખુલ્લા પાડે છે.
(4) તેના કારણે ઓછા ઈચ્છિત જનીનો દૂર થાય છે અને શ્રેષ્ઠ જનીનોની જમાવટ થાય છે.

Beyond Limits

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

196 નીચેનામાંથી કયા વિધાનો સાચાં છે?

A. બેઝોફિલ્સ એ કુલ WBCમાંના વિપુલ પ્રમાણમાં આવેલા કોષો છે.

B. બેઝોફિલ્સ હીસ્ટામાઈન, સેરોટોનીન અને હિપેરીનનો સ્રાવ કરે છે.

C. બેઝોફિલ્સ એ સોજો (દાહ)ના પ્રતિચારમાં સામેલ છે.

D. બેઝોફિલ્સ કીડની આકારનું કોષકેન્દ્ર ધરાવે છે.

E. બેઝોફિલ્સ એ અકણિકામય કોષ છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી યોગ્ય** જવાબ પસંદ કરો:

(1) ફક્ત A અને B

(2) ફક્ત D અને E

(3) ફક્ત C અને E

(4) ફક્ત B અને C

197 સાચાં વિધાન પસંદ કરો :

A. લેપ્ટોટીનની અવસ્થા દરમ્યાન ચતુષ્ક નિર્માણ થાય છે.

B. ભાજનોત્તરા અવસ્થા દરમિયાન સેન્ટ્રોમીયર બે ભાગમાં વહેંચાય છે અને રંગસૂત્રિકાઓ છુટી પડે છે.

C. પેકીટીનની દરમ્યાન સમાપ્તિ (ટર્મીનાલાઈઝેશન) થાય છે.

D. અંત્યાવસ્થા દરમ્યાન કોષકેન્દ્રિકા, ગોલ્ગીકાય અને ER પુનઃનિર્માણ પામે છે.

E. સમજાત રંગસૂત્રોની સમરૂપ રંગસૂત્રિકાઓ વચ્ચે વ્યતિકરણ થાય છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત B અને E (2) ફક્ત A અને C

(3) ફક્ત B અને D (4) ફક્ત A, C અને E

198 વંદામાં ઉત્સર્જનની ક્રિયા _______ દ્વારા થાય છે.

A. શિશ્નીય (ફેલિક) ગ્રંથિ

B. યુરીકોઝ ગ્રંથિ

C. ઉત્સર્ગી કોષો

D. ફેટ (ચરબી) બોડી

E. કોલેટેરીયલ ગ્રંથિ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

(1) ફક્ત B અને D

(2) ફક્ત A અને E

(3) ફક્ત A, B અને E

(4) ફક્ત B, C અને D

199 યાદી - Iને યાદી - II સાથે જોડો :

	યાદી - I		યાદી - II
A.	માસ્ટ કોષો	I.	પક્ષ્મીય અધિચ્છદ
B.	શ્વાસ વાહિકાની અંદરની સપાટી	II.	તંતુઘટક પેશી
C.	રુધિર	III.	ઘનાકાર અધિચ્છદ
D.	ઉત્સર્ગ એકમનો નલિકામય ભાગ	IV.	વિશિષ્ટ સંયોજક પેશી

નીચે આપેલ વિકલ્પોમાંથી **સાચો** જવાબ આપો :

(1) A-III, B-IV, C-II, D-I

(2) A-I, B-II, C-IV, D-III

(3) A-II, B-III, C-I, D-IV

(4) A-II, B-I, C-IV, D-III

200 કંકાલસ્નાયુના અનુસંધાને નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે?

A. કોલાજનની બનેલ સંયોજક પેશીના સ્તર ફેસીકલથી સ્નાયુના બંડલ ભેગા રહી શકે છે.

B. સ્નાયુતંતુની સાર્કોપ્લાઝમીક રેટીક્યુલમ એ કેલ્શિયમ આયનોનું સંગ્રહ સ્થાન છે.

C. કંકાલ સ્નાયુતંતુનો રેખિત દેખાવ એ એક્ટીન અને માયોસીન પ્રોટીનની વહેંચણીની પદ્ધતિને આધારે હોય છે.

D. M લાઈન (રેખા) સંકોચન માટેનો કાર્યકારી એકમ છે જેને સ્નાયુતંતુક ખંડ કહે છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સૌથી યોગ્ય** જવાબ પસંદ કરો:

(1) ફક્ત C અને D

(2) ફક્ત A, B અને C

(3) ફક્ત B અને C

(4) ફક્ત A, C અને D

Scanned with CamScanner
Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner